P.07
સામંથા રૂથ પ્રભુએ રાજ નિદિમોરુ સાથેની રોમેન્ટિક તસવીર શેર કરી

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.07
શ્રદ્ધા ઝોટોપિયા-૨માં અવાજ આપીને હોલિવૂડમાં ડેબ્યુ કરશે

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૪ અંક : ૯૭ I વિક્રમ સંવત ૨૦૮૨ : કારતક વદ ૦૭ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 97 • Dt.12-11-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં વિસ્ફોટ, હાઇકોર્ટ પાસે કારમાં ધડાકો થતાં ૧૨ના મોત I અનેક ઈજાગ્રસ્ત



07

12
NOVEMBER- 2025
WEDNESDAY



07

નેપાળના મધેશમાં તોફાનો : જનકપુર ધામ સ્થિત સી.એમ.ની ઓફિસમાં તોડફોડ થઈ



**મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા : ૩.૯૦ કરોડ ફોર્મનું વિતરણ**

## સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી

# ગુજરાત રાજ્યમાં ૨.૧૭ કરોડથી વધુ નાગરિકોનું મેપિંગ

## હાલમાં રાજ્યભરના તમામ જિલ્લાઓમાં કુલ ૫૦,૯૬૩ બૂથ લેવલ ઓફિસર્સ ખંતપૂર્વક ફરજ નિભાવી રહ્યા I અદ્યતન મતદાર યાદી અનુસાર રાજ્યમાં કુલ ૫.૦૮ કરોડ મતદારો નોંધાયેલા

I પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૦ I

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૪થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરની સમગ્ર ટીમ રાજ્યભરના જિલ્લા ચૂંટણી અધિકારીઓ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ તથા સહાયક મતદાર નોંધણી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીને સમગ્ર કાર્યપ્રગતિ પર નજર રાખવાની સાથે તેમને માર્ગદર્શન આપી રહી છે. મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની સમગ્ર પ્રક્રિયામાં બૂથ લેવલ ઓફિસર પાયાના પત્થર સમાન છે. ગણતરી (એન્યુમરેશન) ફોર્મનું વિતરણ, મતદારને તેમના નામ અથવા સંબંધીઓના નામ સાથે મેચિંગ/ લિંકિંગમાં મદદ કરવી તથા નવા મતદારોને નામ ઉમેરવા માટે કરવી પડતી પ્રક્રિયાથી માહિતગાર કરવા સહિતના ખૂબ જ અગત્યની કામગીરી બૂથ લેવલ ઓફિસર સુપેરે સંભાળી રહ્યા છે. જેના માટે તેમને ફાળવવામાં આવેલા વિસ્તારના ઘરોની ત્રણ વખત મુલાકાત પણ લઈ રહ્યા છે. હાલમાં રાજ્યભરના તમામ જિલ્લાઓમાં કુલ ૫૦,૯૬૩ બૂથ લેવલ ઓફિસર્સ ખંતપૂર્વક ફરજ નિભાવી રહ્યા છે. અદ્યતન મતદાર યાદી અનુસાર રાજ્યમાં કુલ ૫.૦૮ કરોડ મતદારો નોંધાયેલા છે.



જેમના મેપિંગ માટે રૂબરૂ, મોબાઈલ એપ્લિકેશન તથા ઓનલાઈન ડેટાબેઝના માધ્યમથી ૧૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ ઉપલબ્ધ વિગતોને આધારે ૨.૧૭ કરોડથી વધુ નાગરિકોનું મેપિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે. જ્યારે ૩.૯૦ કરોડ ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ થયું છે. આમ, રાજ્યભરમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા કરતા BLO ખરા અર્થમાં ભારતના ચૂંટણીપંચના ધ્વજવાહક બન્યા છે. સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૪થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે.

આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ નેટવર્ક સામે મોટી કાર્યવાહી

# અમદાવાદ શહેર સાયબર ક્રાઇમે આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ નેટવર્કનો કર્યો પર્દાફાશ I નાઇજિરિયન સહિત છની ધરપકડ

I પ્રતિનિધિ,અમદાવાદ, તા.૧૧ I

આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ નેટવર્ક સામે મોટી કાર્યવાહી કરતાં અમદાવાદ સાયબર ક્રાઇમ બ્રાન્ચે છ વ્યક્તિઓની ધરપકડ કરી છે. આ ગેંગ પર અમદાવાદના એક નાગરિકને હોમિયોપેથિક દવાના વેપારના બહાને રૂ.૩૨ લાખથી વધુની છેતરપિંડી આચરી હોવાનો આરોપ છે. પોલીસે મુંબઈ અને બેંગલુરુથી નાઈજિરિયન નાગરિક મેદુફોર સ્ટીવ ઉઝોચી સહિત કૃષ્ણમતી ચૌધરી, મહેશ ચૌધરી, સલીમ શેખ, ત્રિજુગીલાલ કુર્મી અને રાજેશકુમાર સરોજની ધરપકડ કરી છે.પોલીસના જણાવ્યા અનુસાર અમદાવાદના મણિનગર વિસ્તારમાં રહેતા ફરિયાદી નિહાર વર્માનો કેટલાક શખ્સોએ આફ્રિકન ફાર્માસ્યુટિકલ કંપનીના પ્રતિનિધિ તરીકે ઓનલાઇન સંપર્ક કર્યો હતો. તેમણે દાવો કર્યો કે તેઓ ભારતમાં ‘યુપેટોરિયમ મર્કોલા લિક્વિડ’ નામની હોમિયોપેથિક દવાના સપ્લાયરની શોધમાં છે, જેનો કથિત ઉપયોગ આફ્રિકામાં મેલેરિયા અને ડેન્ગ્યુની સારવારમાં થાય છે. આરોપીઓએ વર્માને એક નફાકારક બિઝનેસના પ્રસ્તાવની લાલચ આપી હતી. જેમાં તેમને શર્મા એન્ટરપ્રાઇઝ મેન્યુફેક્ચરિંગ નામના ભારતીય વિક્રેતા પાસેથી ઈ૬,૫૦૦ પ્રતિ લિટરના ભાવે દવા ખરીદીને તે જ દવા ‘આફ્રિકન ખરીદદાર’ને ઈ૧૧,૦૦૦ પ્રતિ લિટરે વેચવાની ઓફર કરાઈ હતી. શરુઆતમાં નિહાર વર્માને વિશ્વાસ અપાવવા માટે શર્મા એન્ટરપ્રાઈઝના સેલ્સ રિપ્રેઝન્ટેટિવ તરીકે જયદેવ નામના વ્યક્તિએ એક લિટર લિક્વિડનું પાર્સલ મોકલ્યું. નિહાર વર્મા દિલ્હીમાં એક કથિત આફ્રિકન લેબ સાયન્ટિસ્ટને પણ મળ્યા.






લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | સમાચાર માટે : ૯૮૨૫૫ ૫૨૧૨૫ | જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

### રાજ્યના મોટાભાગના જિલ્લામાં ઠંડી પારો ૨૦ ડિગ્રી નીચે નોંધાયો

## રાજ્યમાં શિયાળાની સત્તાવાર શરૂઆત થઈ | અમદાવાદમાં ઠંડીનો ચમકારો

**હાલ રાજ્યના મોટાભાગના શહેરોમાં વહેલી સવારે અને સૂર્યાસ્ત પછી શિતળતાનો અનુભવ થઈ રહ્યો છે | પરંતુ બપોરના સમયે હજુ પણ ગરમીનું પ્રમાણ યથાવત્**

| પ્રતિનિધિ, અમદાવાદ, તા૧૧ |

રાજ્યમાં ઠંડીના ચમકારાની શરૂઆત થઈ છે. જેમાં રાજ્યના ૪ જિલ્લામાં ૧૫ ડિગ્રી ઓછું તાપમાન છે. રાજ્યના મોટાભાગના જિલ્લામાં ઠંડી પારો ૨૦ ડિગ્રી નીચે નોંધાયો છે. ત્યારે જુનાગઢમાં સૌથી વધુ ૯.૮ ડિગ્રી ઠંડી તથા ગાંધીનગર ૧૪ ડિગ્રી, અમદાવાદમાં ૧૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તેમજ નલિયા, દિવ,અમરેલી જિલ્લામાં ૧૪ ડિગ્રી તાપ માન છે. વડોદરા અને કંડલા ખાતે ૧૫ ડિગ્રી તાપમાન છે. જેમાં આગામી દિવસમાં ઠંડીનો ચમકારો વધે તેવી આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં હજી પણ બેવડી ઋતુનો અનુભવ કરવો પડશે. વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડીનો ચમકારો સ્પષ્ટપણે અનુભવાઈ રહ્યો છે. હવામાન વિભાગના મતે, આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યના લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી સેલ્સિયસનો નોંધપાત્ર ઘટાડો થશે, જેના પરિણામે ઠંડીનું પ્રમાણ વધશે. આણંદ, અરવલ્લી, ખેડા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા સહિતના અનેક જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીની આસપાસ પહોંચી જવાની સંભાવના છે, જે દર્શાવે છે કે રાજ્યમાં હવે કડકડતી ઠંડીનું જોર વધશે.કમોસમી વરસાદની અસરો



ઓછી થતા જ ગુજરાતમાં ઠંડીની સત્તાવાર શરૂઆત થઈ છે. હાલ રાજ્યના મોટાભાગના શહેરોમાં વહેલી સવારે અને સૂર્યાસ્ત પછી શિતળતાનો અનુભવ થઈ રહ્યો છે, પરંતુ બપોરના સમયે હજુ પણ ગરમીનું પ્રમાણ યથાવત્ રહે છે, જેના કારણે બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. રાજ્યના કચ્છ જિલ્લાઓમાં વાતાવરણમાં આ વિષમતા વધુ સ્પષ્ટ જોવા મળે છે.ગુજરાતમાં પણ ઠંડીનું મોજું વધી રહ્યું છે. ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. ઝાકળ વધુ ગાઢ બની શકે છે અને લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પ હોંચી શકે છે. ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર હતું જ્યાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસ હતું. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજ્યભરમાં તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસથી ૨૧ ડિગ્રી સેલ્સિયસ સુધી છે.

## જુનાગઢમાં આંતરરાષ્ટ્રીય ગાંજા કૌભાંડ, બેંગકોકનો હબીબી ભારતમાં ગાંજાનો મુખ્ય સપ્લાયર

| પ્રતિનિધિ, જુનાગઢ, તા.૧૧ |

પોલીસે પ્રથમ વખત બેંગકોકથી અમદાવાદ અને ત્યાંથી જુનાગઢ ગાંજાની હેરાફેરીનો આંતરરાષ્ટ્રીય કૌભાંડ પકડી પાડ્યું છે. થોડા દિવસ પૂર્વે બેંગકોકથી મંગાવવામાં આવેલા એક કરોડ કરતાં વધારેના ગાંજા સાથે જૂનાગઢના ચાર ઈસમોને પકડી પાડવામાં આવ્યા હતા.જેમાં વડોદરાના ઈરફાન અને રાજકોટની શેરબાનુ પોલીસ પકડથી દૂર હતી. આ બંનેની પોલીસે અલગ અલગ ટીમો બનાવીને શોધખોળ હાથ ધરતા. આ બંને આરોપી પણ પકડાઈ ગયા હતા. જેની ઉલટ તપાસમાં સમગ્ર મામલો બેંકોકના હબીબી નામનો વ્યક્તિ ભારતમાં અનુપ નામના એજન્ટથી ગાંજાની હેરાફેરી કરી રહ્યો છે, તે વાતનો ચોંકાવનારો ખુલાસો થયો છે.જુનાગઢ પોલીસે પ્રથમ વખત નશાકારક પદાર્થની હેરાફેરીનો આંતરરાષ્ટ્રીય કૌભાંડ પકડી પાડ્યું છે. થોડા દિવસ પૂર્વે બેંગકોકથી લાવવામાં આવેલો ગાંજા સાથે જુનાગઢના ચાર ઈસમોને પકડી પાડ્યા હતા. પોલીસ પકડમાં રહેલા ચારેય આરોપીઓ પાસેથી મળેલી વિગતો અનુસાર રાજકોટની શેરબાનુ અને વડોદરાનો ઈરફાન નામનો વ્યક્તિ સમગ્ર ગાંજાની હેરાફેરીમાં સામેલ હોવાનુ સામે આવતા પોલીસે અલગ અલગ ટીમો બનાવીને શેરબાનુ અને ઈરફાનને પકડી પાડવા માટે તપાસ શરૂ કરી હતી. જેમાં શેરબાનું સુરત અને મુખ્ય આરોપી ઈરફાન નડિયાદ ખાતેથી પ કડી પાડવામાં પોલીસને સફળતા મળી હતી.પોલીસ પકડમાં રહેલા રાજકોટની શેરબાનુ અને વડોદરાના ઈરફાનની ઉલટ તપાસ કરતા સમગ્ર મામલો આંતરરાષ્ટ્રીય ગાંજા તસ્કરી સાથે જોડાતો જોવા મળ્યો મુખ્ય આરોપી વડોદરાના ઈરફાનની પૂછપરછમાં જૂનાગઢમાંથી પ કડાયેલો ચાર કિલો ગાંજો બેંગકોકના હબીબી નામના આંતરરાષ્ટ્રીય બુટલેગરે મોકલ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. હબીબી બેંગકોકથી ભારતમાં તેના એજન્ટ બેંગ્લોરના અનુપ મારફતે નશાનો કાળો કારોબાર કરતો હોવાનું સામે આવ્યું છે.

## દિવાળીની સીઝન પૂરી થતા જ સીંગતેલના ભાવમાં મોટો ભડકો થયો

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૧ |

એક તરફ કમોસમી વરસાદને કારણે ગુજરાતમાં સૌથી વધુ નુકસાન મગફળીના પાકને થયું છે. ત્યારે હવે ધીરે ધીરે ખાદ્ય તેલ પર તેની અસર જોવા મળી રહી છે. આજે રાજકોટમાં ખૂલતા બજારે સીંગતેલના ભાવમાં વધારો થયો છે. આજે ખૂલતા બજારે તેલના ભાવમાં વધારો જોવા મળ્યો છે. સીંગતેલના ડબ્બાના ભાવે રૂપિયા ૩૦ નો વધારો જોવા મળ્યો છે. સીંગતેલમાં છેલ્લા પાંચ દિવસમાં રૂપિયા ૬૦નો ભાવ વધારો થયો છે. સીંગતેલના ડબ્બાનો ભાવ ૨૪૫૦ રૂપિયા હતા, જે ૨૫૧૦ રૂપિયા પર પહોંચ્યો છે. આવનારા દિવસોમાં ભાવ હજુ પણ વધે તેવી પૂરી શક્યતા છે. ખાદ્યતેલના વિક્રેતાઓનું કહેવું છે કે, ચોક્કસ દિવાળી બાદથી ખાદ્યતેલના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. પરંતું જે રીતે કમોસમી વરસાદને કારણે મગફળીના પાકમાં નુકસાની જોવા મળી રહી છે, તે જોતા આગામી સમયમાં સીંગતેલના ભાવ માર્કેટને દઝાડી શકે છે. તો બીજી તરફ, સૌરાષ્ટ્રમાં વરસાદના કારણે કાચા માલની અછતના કારણે ભાવવધારો થયાનું સતાવાર કારણ અપાય છે. પરંતુ ગત વર્ષે સૌરાષ્ટ્રમાં મગફળીનું મબલખ પાક થનાર હોય દિવાળી પુર્વે અછતના બહાને સીંગતેલના ભાવ વધારવાનો સટોડીયાઓનો ખેલ હોવાનો વેપારી વર્તુળોમાં ચર્ચા થઈ રહી છે. એક તરફ કમોસમી વરસાદને કારણે ગુજરાતમાં સૌથી વધુ નુકસાન મગફળીના પાકને થયું છે. ત્યારે હવે ધીરે ધીરે ખાદ્ય તેલ પર તેની અસર જોવા મળી રહી છે. આજે રાજકોટમાં ખૂલતા બજારે સીંગતેલના ભાવમાં વધારો થયો છે. આજે ખૂલતા બજારે તેલના ભાવમાં વધારો જોવા મળ્યો છે.

### બ્લડ ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવતાં તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ

## દારૂ પાર્ટીનો કેસ :ઉદ્યોગપતિ સમીર શાહ, તેમના પત્ની અને પુત્રનો બ્લડ રિપોર્ટ આલ્કોહોલ પોઝિટિવ આવતા કાયદેસરની કાર્યવાહી

| પ્રતિનિધિ, સુરત, તા.૧૧ |

સુરત શહેરના એક જાણીતા ઉદ્યોગપતિ સમીર મહેન્દ્ર શાહ, પુત્ર જૈનમ સમીર શાહ અને તેમના પત્ની હેતલ સમીર શાહ વિરુદ્ધ દારૂના નશાનો બ્લડ ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવતાં તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.અલથાણ પોલીસ સ્ટેશનનો સ્ટાફ ગત તારીખ ૧૭/૧૦/૨૦૨૫ ના રોજ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યો હતો. તે દરમિયાન તેમને ખાનગી બાતમી મળી હતી રજી. નં. જીજે-૦૫-આરએ-૪૩૬૯ વાળી બલેનો કારમાં કે, કે.એસ. અંતરવન રેસ્ટોરન્ટની બહારની બાજુએ પ્રોહિબિશનને લગતી દારૂની પ્રવૃત્તિ ચાલી રહી છે.પોલીસે માહિતીને આધારે તાત્કાલિક દરોડો પાડતાં હકીકત સાચી હોવાનું જણાયું હતુ. આ



મામલે પ્રાથમિક રીતે તહોમતદાર વ્રજ જયેશભાઈ શાહ વિરુદ્ધ પ્રોહી. એક્ટની કલમ ૬૫(એ)(એ), ૯૮ મુજબ ફરિયાદ નોંધાઈ હતી. પંચનામામાં મળી આવેલો બિયરનો જથ્થો ઉદ્યોગપ તિ સમીર મહેન્દ્ર શાહે આપ્યો હોવાનું વધુ તપાસ દરમિયાન બહાર આવ્યું હતું. આથી, પોલીસે ગુનામાં પ્રોહી. એક્ટ કલમ ૮૧ મુજબનો ઉમેરો કર્યો હતો. બાદમાં સમીર શાહની અટકાયત કરી હતી.આ ઉપરાંત, સમીર શાહના પુત્ર જૈનમ સમીર શાહે પોલીસની ફરજમાં રૂકાવટ કરી હોવાથી તેમની વિરુદ્ધ પણ અલથાણ પોલીસ સ્ટેશનમાં અલગ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

દરમિયાન આલ્કોહોલ રિપોર્ટ પ ોઝિટિવ આવતા ફરી ગુનો દાખલ કરાયો હતો અને ગાંધીનગરથી અટકાયતી પગલાં બાદ જૈનમ શાહને જામીન મળી ગયા છે. હાલ તે ત્યાં ભણી રહ્યો છે.પોલીસે પ્રોહિબિશનના નિયમો મુજબ સમીર શાહ, તેમના પત્ની હેતલ શાહ અને પુત્ર જૈનમ શાહે નશો કર્યો છે કે કેમ તે જાણવા માટે તે જ દિવસે નવી સિવિલ હોસ્પિટલમાં તેમના બ્લડ સેમ્પલ લેવડાવ્યા હતા.ગાંધીનગર સ્થિત ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે આ બ્લડ સેમ્પલને પૃથ્થકરણ માટે મોકલવામાં આવ્યા હતા. જેનો રિપોર્ટ આલ્કોહોલ પોઝિટિવ આવ્યો છે. અલથાણ પોલીસે રિપોર્ટ પોઝિટિવ આવતાની સાથે જ નિયમ મુજબ ત્રણેય ઈસમો વિરુદ્ધ અલથાણ પોલીસ સ્ટેશનના પાર્ટ સી ગુના રજીસ્ટરમાં પ્રોહિબિશન કલમ ૬૬(૧)બી મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

## તલાટીને ૮૦૦ રૂપિયાની લાંચ લેવી ભારે પડી,૩ વર્ષની કેદ, મસમોટો દંડ થયો

| પ્રતિનિધિ, સુરત, તા.૧૧ |

સુરતમાં ભ્રષ્ટાચાર સામે કડક કાર્યવાહીનો એક વધુ દાખલો સામે આવ્યો છે. માત્ર રૂપિયા ૮૦૦ની લાંચ લેતા તલાટી કમ મંત્રી હિંમત સોલંકીને સ્પેશિયલ એસીબી કોર્ટે ત્રણ વર્ષની સખત કેદ અને ૨૫,૦૦૦ના દંડની સજા ફટકારી છે.સિંગણપોર ગામના એક રહેવાસીએ પોતાની જમીનના નમુના અને હકપત્રક ઉતારા માટે અરજી કરી હતી. પરંતુ તલાટી હિંમત સોલંકીએ અરજી પ્રક્રિયા આગળ વધારવા માટે ૧,૦૦-૦ની લાંચ માગી હતી. અંતે વાતચીત બાદ ૮૦૦માં સમજૂતી થઈ.ફરિયાદી આ બાબતે અસંતોષ વ્યક્ત કરીને એન્ટી કરપ્શન બ્યુરોનો સંપર્ક કર્યો. એસીબીએ ટ્રેપ ગોઠવી તલાટીને રંગે હાથે લાંચ લેતા પકડી પાડ્યો. લાંચ લેવાની ઘટનાની પુરતી સાબિતી બાદ કેસ કોર્ટમાં ચાલ્યો. સ્પેશિયલ એસીબી કોર્ટે તમામ પુરાવા અને સાક્ષીઓને આધારે હિંમત સોલંકીને ત્રણ વર્ષની સખત કેદની સજા અને ૨૫,૦૦૦નો દંડ ફટકાર્યો. જો દંડ ન ભરવામાં આવે તો ત્રણ મહિનાની સાદી કેદ વધારાની ભોગવવી પડશે. માત્ર ૮૦૦ માટે નોકરી અને પ્રતિષ્ઠા ગુમાવવી એ ભ્રષ્ટાચારના ગંભીર પરિણામોની ચેતવણી છે. આ ચુકાદો સ્પષ્ટ સંદેશ આપે છે કે ભ્રષ્ટાચાર કેટલો પણ નાનો હોય, કાયદાની નજરમાં તે ગંભીર ગુનો છે અને દોષિતને ચોક્કસ સજા થશે.

## કપડવંજ પાસે ગમખ્વાર અકસ્માત : પીકઅપ વાન પલટી જતાં ૨ શ્રમિકના મોત

| પ્રતિનિધિ, ખેડા, તા.૧૧ |

ખેડા જિલ્લાના કપડવંજ નજીક આલમપુરા પાસે આજે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. મજૂરોને લઈ જતી એક પીકઅપ વાનના ડ્રાઈવરે અચાનક બ્રેક મારતાં વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે પીકઅપ વાન રસ્તા પર પલટી ખાઈ ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં વાનમાં સવાર ૨ શ્રમિકના ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યાં હતાં. આ ઉપરાંત અન્ય ૧૫ વ્યક્તિને ઈજા થઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે કપડવંજની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.પોલીસના જણાવ્યા અનુસાર, બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. હજુ સુધી મૃતકોની ચોક્કસ ઓળખ થઈ શકી નથી, જે અંગે પોલીસ તપાસ કરી રહી છે. કપડવંજ પોલીસે આ મામલે ગુનો નોંધીને અકસ્માત કેવી રીતે થયો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે. ખેડા જિલ્લાના કપડવંજ નજીક આલમપુરા પાસે આજે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. મજૂરોને લઈ જતી એક પીકઅપ વાનના ડ્રાઈવરે અચાનક બ્રેક મારતાં વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો.



રાજકોટમાંથી એક મહત્વની ખબર સામે આવી રહી છે

# રાજધાની દિલ્હીમાં બોમ્બ વિસ્ફોટ બાદ ગુજરાત રાજ્યનું પ્રથમ જ્યોતિર્લિંગ સહિત અનેક મંદિરો કિલ્લામાં ફેરવાયા

## રાજકોટ રેન્જના પાંચેય જિલ્લાઓ , રાજકોટ, જામનગર, દ્વારકા, મોરબી અને સુરેન્દ્રનગરને એલર્ટ પર મૂકાયા





। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૧ ।

રાજકોટમાંથી એક મહત્વની ખબર સામે આવી રહી છે. રાજ્યમાં સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર આવી ગઈ છે. રાજકોટ રેન્જના પાંચેય જિલ્લાઓ , રાજકોટ, જામનગર, દ્વારકા, મોરબી અને સુરેન્દ્રનગરને એલર્ટ પર મૂકાયા છે. રાજકોટ રેન્જ આઈ.જી અશોકકુમાર યાદવે ઝી ૨૪ કલાક સાથે કરેલ ખાસ વાતચીતમાં જણાવ્યું કે, પાકિસ્તાન તરફથી કોઈ પણ પ્રકારની ઘૂસણખોરી ન થાય તે માટે દરિયા કિનારાના વિસ્તારોમાં ખાસ ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

દ્વારકા, જામનગર અને મોરબી જિલ્લામાં સૌથી વધુ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. જ્યારે દરેક વિસ્તારમાં ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડની મદદથી તપાસ તેજ બનાવાઈ છે.રાજ્યમાં તાજેતરમાં જ ત્રણ આતંકીઓની ધરપકડ બાદ સુરક્ષા એજન્સીઓ વધુ સજાગ થઈ છે અને એ માટે રેન્જના તમામ જિલ્લાઓમાં ચેકિંગ સાથે પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. રેન્જ આઈજી અશોકકુમાર યાદવે લોકોમાં અપીલ કરી છે કે કોઈ પણ સંદિગ્ધ વ્યક્તિ કે વાહન નજરે પડે તો તરત જ સ્થાનિક પોલીસને જાણ કરવી.અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મુખ્ય મહાનગરોમાં જાહેર સ્થળો, રેલવે સ્ટેશનો, બસ સ્ટેશનો અને ભીડભાડવાળા વિસ્તારોમાં સઘન ચેકિંગ અને પેટ્રોલિંગ શરૂ કરી દેવાયું છે. ખાસ કરીને શંકાસ્પદ વાહનોની તપાસ અને નાકાબંધી પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. સૌથી વધુ સંવેદનશીલ ગણાતા ગુજરાતના સુપ્રસિદ્ધ ધાર્મિક સ્થળો જેવા કે સોમનાથ, દ્વારકા, અને અંબાજીમાં સુરક્ષા વ્યવસ્થામાં ધરખમ વધારો કરવામાં આવ્યો છે. લાખો શ્રદ્ધાળુઓ અહીં દર્શન માટે આવતા હોવાથી, પોલીસ અને સુરક્ષા દળોનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.તમામ પ્રવેશ અને બહાર નીકળવાના માર્ગો પર બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા નિયમિત ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ધાર્મિક પરિસરોની આસપાસ સાદા વેશમાં પોલીસ કર્મચારીઓ પણ તૈનાત કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા સામાન્ય જનતાને પણ અપીલ કરવામાં આવી છે કે કોઈપણ બિનવારસી વસ્તુ કે શંકાસ્પદ ગતિવિધિ જણાય તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો. હાલમાં ગુજરાત પોલીસ સુરક્ષા વ્યવસ્થાને લઈને કોઈ જોખમ લેવા માંગતી નથી અને શાંતિ તથા સલામતી જાળવવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

દિલ્હીમાં થયેલા બ્લાસ્ટ બાદ હવે રાજકોટ પોલીસે પણ એક્શન મોડ અપનાવ્યો છે.શહેરની તમામ બ્રાન્ચો અને સુરક્ષા એજન્સીઓને એલર્ટ પર મૂકવામાં આવી છે જીઆરપી અને આરપીએફની ટીમોએ રાજકોટ રેલવે સ્ટેશન પર તાત્કાલિક ચેકિંગ ડ્રાઈવ હાથ ધરી છે.ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડની મદદથી મુસાફરોના લગેજ, વાહનો અને પાર્સલ વિભાગમાં મોકલાતા સામાનનું કડક સ્કેનિંગ કરવામાં આવી રહ્યું છે. રેલવે સ્ટેશન ઉપરાંત બસ પોર્ટ અને એરપોર્ટ પર પણ હાઈ સિક્યુરિટી ગોઠવાઈ છે.

ભારત અને જોર્ડન વચ્ચે ખાતર ક્ષેત્રમાં સહકારને નવી ઊંચાઈએ પહોંચાડવા દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ : દિલીપ સંઘાણી

# ઇફ્કો અધ્યક્ષ દિલીપ સંઘાણી એ જોર્ડનના પ્રધાનમંત્રી જાફર હસન સાથે મુલાકાત કરી



। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૧ ।

ભારત–જોર્ડન વચ્ચે ખાતર ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટેની મહત્વપૂર્ણ પહેલ અંતર્ગત, ઈફકો ના અધ્યક્ષ દિલીપ સંઘાણી એ જોર્ડનના પ્રધાનમંત્રી જાફર હસન સાથે અમાન ખાતે પ્રધાનમંત્રી નિવાસ ખાતે મુલાકાત કરી હતી. આ સૌહાર્દપૂર્ણ મુલાકાત દરમિયાન બંને પક્ષો વચ્ચે ખાતર ઉદ્યોગના વિકાસ, નવીન ટેકનોલોજીનો ઉપયોગ, કૃષિ ઉત્પાદકતા વધારવા અને ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવા જેવા મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા થઈ હતી. પ્રધાનમંત્રી જાફર હસને ભારત–જોર્ડન વચ્ચેના મજબૂત દ્વિપક્ષીય સંબંધોની પ્રશંસા કરતા જણાવ્યું કે કૃષિ ક્ષેત્રમાં સહકાર બંને દેશોની અર્થવ્યવસ્થાને નવી દિશા આપશે। દિલીપ સંઘાણીએ જોર્ડન સરકારના સહયોગ અને સમર્થન માટે આભાર વ્યક્ત કરતાં કહ્યું કે ઈફકો અને જિફકો ના સંયુક્ત પ્રયાસોથી આગામી સમયમાં ખાતર ઉત્પાદન ક્ષેત્રે નોંધપાત્ર વૃદ્ધિ થશે, જેનો સીધો લાભ બંને દેશોના ખેડૂતોને મળશે। આ પ્રસંગે જિફકોના અધ્યક્ષ પ્રો. મહમ્મદ કે. થનૈબત, ઈફકો મેનેજિંગ ડિરેક્ટર કે. જે. પટેલ, ઉપ મેનેજિંગ ડિરેક્ટર રાકેશ કપૂર તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## તથ્ય પટેલ કેસઃ ત્રણ સપ્તાહમાં ચાર્જફ્રેમ કરો, ટ્રાયલ કોર્ટને સુપ્રીમ કોર્ટનો આદેશ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદના બહુચર્ચિત ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. ૯ લોકોનો ભોગ લેનાર આ ભયાનક અકસ્માતના કેસમાં જેલમાં બંધ મુખ્ય આરોપી તથ્ય પટેલની મુશ્કેલીઓ હવે વધી ગઈ છે. સુપ્રીમ કોર્ટે ગુજરાતની ટ્રાયલ કોર્ટને સ્પષ્ટ અને કડક આદેશ આપ્યો છે કે તાત્કાલિક ધોરણે કેસમાં ચાર્જફ્રેમ કરવામાં આવે. હવે સેશન્સ કોર્ટમાં તથ્ય પટેલ સામેની કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવશે.સુપ્રીમ કોર્ટે આ સંવેદનશીલ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ટ્રાયલ કોર્ટને સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે. કોર્ટે હુકમ કર્યો છે કે આગામી ત્રણ અઠવાડિયાની અંદર આરોપી તથ્ય પટેલ વિરુદ્ધ ચાર્જશીટના આધારે ચાર્જફ્રેમની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે. સુપ્રીમ કોર્ટનો આ આદેશ સ્પષ્ટપણે દર્શાવે છે કે આ કેસને બિનજરૂરી રીતે લાંબો ખેંચી શકાય નહીં અને સમયસર ન્યાય પ્રક્રિયા પૂરી કરવી અનિવાર્ય છે. ઉલ્લેખનીય છે કે, આ ભયાનક અકસ્માતની ઘટનાના ત્રીજા વર્ષે આ કેસમાં ચાર્જ ફ્રેમ થવા જઈ રહ્યો છે.

## એમેઝોન પાર્સલમાંથી રુ.૨.૩૨ લાખના મોબાઇલ-ટેબ્લેટ ચોરતા ૪ આરોપી ઝડપાયા

। પ્રતિનિધિ, સુરત, તા.૧૧ ।

સુરત શહેરની અઠવાલાઈન્સ પોલીસે કુરિયર સર્વિસના પાર્સલમાંથી કિંમતી મોબાઈલ ફોન અને ટેબ્લેટની ચોરીના એક હાઈ-પ્રોફાઈલ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. આ ચોરીમાં કુરિયર કંપનીમાં કામ કરતા ૩ ડિલિવરી બોય તેમના માસ્ટરમાઈન્ડ સાથે સંડોવાયેલા હોવાનું બહાર આવતાં ખળભળાટ મચી ગયો છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ૪ આરોપીઓની ધરપકડ કરીને કુલ રુ.૨,૯૨,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.આ કેસની ફરિયાદ નાનપુરા ખાતે મોબાઈલ હેન્ડસેટનો ધંધો કરતા રાજેશ બ્રીજ બિહારી અગ્રવાલે નોંધાવી હતી. તેમણે ૧૭ એપ્રિલ, ૨૦૨૫ થી ૩૧ મે ૨૦૨૫ દરમિયાન એમેઝોન કુરિયર મારફતે કુલ ૧૦૯ મોબાઈલ ફોન અને ટેબ્લેટના પાર્સલ મોકલ્યા હતા. જેમાંથી ૧૪ કિંમતી વસ્તુઓવાળા પાર્સલ એમેઝોન સેન્ટર સુધી પહોંચ્યા જ નહોતા.પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, ચોરીનો મુખ્ય સૂત્રધાર ૪૯ વર્ષીય મોહમ્મદ અલ્તાફ ગુલામ હુસેન શેખ હતો. જેણે કુરિયર કંપનીના ડિલિવરી બોય ભૌતિક કાશીનાથ મિસ્ત્રી (ઉં.વ. ૨૦), આયુષ રણજીતભાઈ પટેલ (ઉં.વ. ૨૦) અને સલમાન સુલેમાન શેખ (ઉં.વ. ૨૩)ને પોતાની સાથે સામેલ કર્યા હતા.આરોપીઓએ ચોરીને અંજામ આપવા માટે તેમની નોકરીનો દુરુપયોગ કર્યો હતો. ડિલિવરી ચેઈનમાં હોવાને કારણે તેમને કિંમતી વસ્તુઓવાળા પાર્સલોની જાણકારી રહેતી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, માલનું એક સ્થળેથી બીજા સ્થળે વહન થતું હોય, ત્યારે આરોપીઓ વેરહાઉસ કે વાહનોમાં પાર્સલોને નિશાન બનાવતા. તેઓ ખૂબ કાળજીપૂર્વક પાર્સલ ખોલીને અંદરથી મોબાઈલ ફોન કે ટેબ્લેટ કાઢી લેતા હતા. ફોન કાઢ્યા પછી, તેઓ ખાલી પાર્સલને ફરીથી એવી રીતે પેક કરી દેતા હતા.






## તંત્રી લેખ..

# રાજનીતિના નામે કોઈને ગમે તે કહેવાની છૂટ ન આપી શકાય

રાહુલ ગાંધીની માઠી બેઠી લાગે છે. સુરતની એક અદાલત દ્વારા અપરાધિક માનહાનિના એક કેસમાં રાહુલ ગાંધીને બે વર્ષની સજા સંભળાવ્યા બાદ આજે તેમની સંસદીય સદસ્યતા પણ ચાલી ગઈ છે. હવે ખબર નહીં આગળ શું થશે, પરંતુ પોતાની સજા પર રાહુલ ગાંધીના એમ કહેવાનો કોઈ મતલબ નથી કે સત્ય મારો ભગવાન છે. મહાત્મા ગાંધીના આ કથનનો ઉલ્લેખ કરવો એટલા માટે વ્યર્થ છે, કારણ કે તેમને જે નિવેદન માટે માનહાનિના દોષીત ગણાવવામાં આવ્યા છે, તેને સત્ય સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાનો સાધવા માટે લલિત મોદી, નીરવ મોદીનો ઉલ્લેખ કરતાં એમ જે કહ્યું હતું કે તમામ મોદી ચોર કેમ હોય છે, તે દરેક દૃષ્ટિએ એક અપમાનજનક અને અભદ્ર નિવેદન હતું. ગત લોકસભા ચૂંટણીના અવસર પર તેમના તરફથી આપવામાં આવેલ આ નિવેદન એક જાતિ વિશેષના લોકો પ્રત્યે તેમની દુર્ભાવના જ દર્શાવે છે. આ જ કારણ છે કે તેમને માનહાનિના દોષી ઠેરવવામાં આવ્યા. રાહુલ ગાંધીને એ આભાસ હોવો જોઈતો હતો કે પોતાના એક નવેદનથી એક જાતિના લોકોને તેઓ લાંછિત કરી રહ્યા હતા. તેઓ કોંગ્રેસના મોટા નેતા છે, તેનો મતલબ એ નહીં કે તેઓ સંભાળીને બોલવાનું છોડી દે અને જે મનમાં આવે, તે બોલી નાખે. સમસ્યા એ છે કે તે એવું જ કરતા રહે છે અને એ જ કારણે રહી-રહીને ટીકા અને વિવાદનું કેન્દ્ર બનતા રહે છે. કોઈને કશું પણ કહી દેવું અને ત્યાં સુધી કે અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરવો બેજવાબદાર હરકત જ નહીં, ખુદને અતિ વિશિષ્ટ સમજવાની માનસિકતા પણ છે. જાહેર જીવનમાં આવી સામંતી માનસિકતા માટે કોઈ સ્થાન ન હોઈ શકે. આજે આ માનસિકતાને કારણે તેમણે સંસદનું સભ્યપદ ગુમાવવું પડ્યું છે, તે કોઈ જેવું તેવું નુક્સાન નથી. રાહુલ ગાંધીએ પોતાના અપમાનજનક નિવેદન માટે ક્ષમા માંગી લેવાની જરૂર હતી, પરંતુ રાજકીય કારણોસર તેમણે એવું કરવાનો ઈનકાર કર્યો. પરિણામ એ આવ્યું કે આજે તેમના રાજકારણ પર જ બ્રેક લાગી ગઈ. જોકે પોતાની આ હાલત માટે તેઓ બીજા કોઈને દોષ ન આપી શકે. વિચિત્ર વાત એ છે કે કોંગ્રેસીઓ રાહુલ ગાંધીનો બચાવ કરતાં ન્યાયિક પ્રક્રિયા પર જ પ્રશ્નો ઊભા કરી રહ્યા છે. એનાથી કશું વળવાનું નથી. રાજનીતિના નામે કોઈને ગમે તે કહેવાની છૂટ ન આપી શકાય. રાહુલ ગાંધી તો એ સારી રીતે જાણતા જ હતા કે સુપ્રીમ કોર્ટની એક ટિપ્પણીને ખોટી રીતે ઉલ્લેખ કરતાં જ્યારે તેમણે એમ કહી દીધું હતું કે હવે તો શીર્ષ અદાલત પણ કહી રહી છે કે ચોકીદાર ચોર છે, ત્યારે તેમણે નાકલીટી તાણીને માફી માંગવી પડી હતી. રાહુલનું સાંસદ પદ ગયું એમાં કોંગ્રેસીઓ ઘણા બેબાકળા થઈ ગયા છે. જોકે આવું પહેલી વાર નથી થયું.

# એનજીઓ જાસૂસીમાં પણ સામેલ

રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિમાં પણ કેટલીક બિનસરકારી સંસ્થાઓ રહી છે. આ સંસ્થાઓ સરકારની વિકાસ પ્રવૃત્તિ આડે અડચણરૂપ બની જાય છે. ભારતના ઘણા પછાત આદિવાસી વિસ્તારોમાં સરકારની કામગીરીનો વિરોધ એનજીઓ જાણી જોઈને કરે છે. કામગીરી રોકાઈ જાય તેવો હેતુ રહે છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર એનજીઓનો ઉપયોગ જાસુસી માટે પણ થાય તેવા અહેવાલ મળી ચુક્યા છે. એફએટીએફના અહેવાલ પ્રકાશિત થતા પહેલા વર્ષ ૨૦૧૦માં ભારત સરકારે કઠોર પગલા લઈને એફસીઆરએની રચના કરી હતી અને એફટીએફના રિપોર્ટ પહેલા જ કેટલાક બિનસરકારી સંગઠનોને રાજકીય છત્ર હેઠળ લાવીને તેમને વિદેશી સહાયતા મેળવવાના મામલાથી બચાવી લેવામાં આવ્યા હતા આ તરત જ કરવમાં આવેલી કાર્યવાહી પાછળ દુનિયાના દેશોને એવો સંદેશો પણ આપવાનો હેતુ હતો કે ભારત હવાલા અને ત્રાસવાદી સંગઠનોને સામે કઠોર કાર્યવાહી કરવાનું જાણે છે અને તે આ પ્રકારની ગતિવિધિને કોઈપણ સંજોગોમાં ચલાવી લેશે નહીં. પરંતુ આની સાથે સાથે આ કાયદાએ સરકારને અસહમતિના અવાજોને દબાવી દેવા અને માનવઅધિકાર માટે લડનારની સામે કાર્યવાહીના અધિકાર પણ આપી દીધા હતા. હવે નરેન્દ્ર મોદી સરકારે ૧૦ હજારથી વધારે બિનસરકારી સંગઠનોના લાઈસન્સ રદ કરી ચૂકી છે. સાથે સાથે સરકાર નવા દિશાનિર્દેશો પણ જારી કરી ચુકી છે. જે વિદેશી સહાયતા મેળવનાર સાથે સંબંધિત છે. નવા નિયમો મુજબ બિનસરકારી સંગઠનોને વિદેશમાંથી પ્રાપ્ત સહાયતાની રકમની સાત દિવસની અંદર માહિતી આપવી પડશે. જે બેંકોના માધ્યમથી આ વિદેશી નાણાં બિનસરકારી સંગઠનના ખાતામાં જમા થશે તેમને આ માહિતી ૪૮ કલાકની અંદર આપવી પડશે. આવી જ રીતે બિનસરકારી સંગઠનોને પોતાના નાણાંને દેશ માટે ઘાતક ગતિવિધિમાં સામેલ કરવાની મંજુરી આપી નથી. જાણકાર લોકોનું કહેવું છે કે ભારત કેટલાક દેશોમાં પડોશી દેશો કરતા આગળ છે. બાંગ્લાદેશ તો ભારતથી પણ આગળ છે. બાંગ્લાદેશે બ્લોક સ્તરના અધિકારીઓને બિનસરકારી સંગઠનોને બંધ કરવા સુધીના અધિકારો આપી દીધા છે. પાકિસ્તાનમાં પણ ૩૦૦૦થી વધારે બિનસરકારી સંગઠનોને રાષ્ટ્રના હિતમાં કામ નહીં કરવાના કારણે પોતાના કામકાજને સમેટી લેવા માટે સૂચના આપી દીધી છે. શ્રીલંકાના પૂર્વ પ્રમુખ રાજાપક્ષયે તો આનાથી પણ આગળ વધીને બિનસરકારી સંગઠનોની પત્રકાર પરિષદ પર પણ બ્રેક મૂકી દીધી હતી. ભારતમાં બિનસરકારી સંગઠનોને લઈને ઘૃણાની સ્થિતિ રહી નથી બલકે કેટલાક સરકારી વિભાગ તો તેમની સહાયતાથી પોતાના કાર્યક્રમ સુધી પણ આયોજિત કરે છે. જાસુસીમાં પણ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ એને ગણી શકાય છે જે દેશની પ્રગતિમાં બાધાજનક છે. કેટલાક વિદેશી ફંડિંગ મેળવતા સંગઠનો આવી ગતિવિધિ ચલાવી રહ્યા છે. તમિળનાડુના કુડનકુલમમાં બનનાર પરમાણુ ઉર્જા યુનિટના વિરોધ કરનાર એનજીઓની વ્યૂહરચના સામે પ્રશ્નો ઉઠતા રહ્યા છે. આવી જ રીતે ભારતમાં પછાત આદિવાસી વિસ્તારોમાં સરકાર દ્વારા કરવામાં આવી રહેલી વિકાસ ગતિવિધિનો વિરોધ ઘણા એનજીઓ કરી રહ્યા છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

### સૂર્ય કરતાં ૮૦ ગણો વધારે ભારે બ્લેકહોલની અજબ ગજબ ગતિવિધિઓ પકડાઈ

**બ્લેકહોલ એ શક્તિશાળી ગુરૂત્વાકર્ષણ ક્ષેત્ર ધરાવતી ખગોળીય વસ્તું છે. તે પોતાના ગુરૂત્વાકર્ષણથી આસપાસની વસ્તુઓને પોતાની તરફ ખેંચે છે. બ્લેક હોલ બ્રહ્માંડની એક એવી જગ્યા છે કે જ્યાંથી કશુંજ પાછું આવી શકતું નથી, વિધુતચુંબકીય તરંગો કે પ્રકાશ પણ પાછો આવી શકતો નથી.**

# નાસાના વૈજ્ઞાનિકોએ નિહાળ્યો અજૂબોઃસુર્ય કરતાં ૮૦ ગણા ભારે બ્લેક હોલનું રહસ્ય ઉકેલાયું


**ટાઇટન એ શનિનો છઠ્ઠો ઉપગ્રહ છે. પૃથ્વીના ચંદ્ર કરતાં તેનો વ્યાસ ૫૦ ટકા મોટો છે અને તે ચંદ્ર કરતાં ૮૦ ટકા મોટો છે. સૂર્યમાળામાં તે ગુરુના ચંદ્ર ગેનીમિડ પછી બીજા ક્રમનો સૌથી મોટો ચંદ્ર છે**

ટાઈટનની શોધ માર્ચ ૨૫ ૧૬૫૫માં ડચ ખગોળશાસ્ત્રી ક્રિસ્ટીન હાઈજીન્સે કરી હતી. હાઈજીન્સ ગેલેલિયોએ ૧૬૧૦માં કરેલ ગુરુના ચાર મોટા ચંદ્રોની શોધ અને તેણે ટેલિસ્કોપ માં કરેલ ફેરફારોથી પ્રભાવિત થયો હતો. ક્રિસ્ટિને તેના ભાઈની મદદથી ૧૬૫૦માં ટેલિસ્કોપ બનાવવાનું શરૂ કર્યું અને શનિની ભ્રમણકક્ષાની ફરતે ચંદ્રની શોધ તેમણે બનાવેલા ટેલિસ્કોપ વડે કરી હતી.

ટાઈટન એ શનિનો છઠ્ઠો ઉપગ્રહ છે. પૃથ્વીના ચંદ્ર કરતાં તેનો વ્યાસ ૫૦ ટકા મોટો છે અને તે ચંદ્ર કરતાં ૮૦ ટકા મોટો છે. સૂર્યમાળામાં તે ગુરુના ચંદ્ર ગેનીમિડ પછી બીજા ક્રમનો સૌથી મોટો ચંદ્ર છે અને કદમાં સૌથી નાના ગ્રહ બુધ કરતાં ૪૦ ટકા મોટો છે. ટાઈટનની શોધ ડચ ખગોળશાસ્ત્રી ક્રિસ્ટીન હાઈજીન્સે ૧૬૫૫માં કરી હતી. ટાઈટન એ શનિનો સૌપ્રથમ શોધાયેલો પ્રથમ ઉપગ્રહ અને બીજા ગ્રહનાં ઉપગ્રહોમાં પાંચમો શોધાયેલ ચંદ્ર હતો.

ટાઈટન મુખ્યત્વે પાણીનો બરફ અને ખડકાળ પદાર્થો ધરાવે છે. શુક્રની જેમ ગાઢ વાતાવરણને લીધે ટાઈટનની સપાટીનો અભ્યાસ શક્ય બન્યો ન હતો. ૨૦૦૪માં કાસિની-હાઈજીન્સ મિશનને કારણે નવી માહિતી મળી છે. ટાઈટનના ધ્રુવો પર હાઈડ્રોકાર્બનના તળાવો આવેલા છે. ટાઈટનની સપાટી મોટાભાગે કેટલાક ખાડાઓની સાથે સપાટ છે, પરંતુ પર્વતો અને અન્ય જ્વાળામુખીઓ પણ મળ્યાં છે.

ટાઈટનનું વાતાવરણ મુખ્યત્વે નાઈટ્રોજનથી બનેલું છે. તેમાં રહેલા અન્ય



વાયુઓ મિથેન-ઈથેનના વાદળો અને નાઈટ્રોજનથી ભરેલ ધુમ્મસ બનાવે છે. વાતાવરણ પવન અને વરસાદ ધરાવે છે. સપાટી પર પૃથ્વીની જેમ ઢુવાઓ, નદીઓ, તળાવો, દરિયો (કદાચ મિથેન-ઈથેનનો) આવેલાં છે. તેના પર પૃથ્વીની જેમ ઋતુઓ પણ છે. સપાટી અને સપાટીની નીચે પાણી હોવાથી ટાઈટન પર પૃથ્વીની જેમ મિથેનનું જળ ચક્ર નીચા તાપમાન પર ચાલે છે.

શનિ ગ્રહના ટાઈટન મૂન પર નાસા ડ્રેગનફલાયસ્પેસ અભિયાન હવે હાથ ધરવા જઈ રહ્યું છે. નાસાના પ્લેન્ટરી સાયન્સ જર્નલમાં પ્રકાશિત શોધપત્રમાં ડ્રેગનફલાય મિશનનો ઉલ્લેખ ટાઈટનનું વાયુમંડળ પૃથ્વીને મળતું આવતું હોવાથી અભિયાન મહત્વનું બનશે.

પૃથ્વીને મળતું આવતું વાતાવરણ ધરાવતા શની ગ્રહના મૂન ટાઈટન પર અમેરિકાની સ્પેસ એજન્સી નાસા ડ્રેગન ફલાય નામનું મિશન શરુ કરશે. સૌરમંડળના ગ્રહોમાં શનિ સૌથી વધારે ચંદ્ર એટલે કે મૂન ધરાવે છે. સૌરમંડળના ગ્રહોના મૂનમાં શનિનો ટાઈટન સૌથી જુદો પડે છે. ટાઈટન પર વાયુ મંડળ છે અને સપાટી પર જે તરલતા જોવા મળે છે તેના આધારે જળવાયુ પૃથ્વી જેવું જણાય છે. ટાઈટન પર પાણીના સ્થાને મિથેનનો વરસાદ થાય છે પરંતુ વૈજ્ઞાનિકો ઘણા સમયથી એવું માને છે કે અહીંયા જીવન હોવાની શકયતા રહેલી છે. ટાઈટન પરના આ અંગે સંશોધન માટે નાસાએ ડ્રેગન ફલાય અભિયાન મોકલવાનું નકકી કર્યુ છે .

ડ્રેગનફલાય અભિયાન વર્ષ ૨૦૩૦ સુધીમાં એક રોટોક્રાફટ મોકલશે જે ટાઈટનની સપાટી પર પહોંચીને અવલોકન કરશે.આ અંગે નાસાના પ્લેન્ટરી સાયન્સ જર્નલમાં સાયન્સ ગોલ્સ એન્ડ ઓબ્જેકિટવ્સ ફોર ડ્રેગનફલાય ટાઈટન રોટોક્રાફટ રીલોકેટેબલ લેંડર નામનું શોધપત્ર પ્રકાશિત થયું છે. ટાઈટન પર અભિયાન હાથ ધરવા માટેના લક્ષ્યાંકોમાં રાસાયણિક જૈવ સંકતોનું સંશોધન, ટાઈટન પર રહેલું મીથેન ચક્ર,વાયુમંડળનું સંશોધન અને જીવનની શરુઆતમાં પર્વનું રાસાયણિક વિજ્ઞાન વગેરે છે. સ્ટડીના સહ લેખક એલેકસ હેસનું કહેવું હતું કે ટાઈટન પર જે સંશોધન કરવા ઈચ્છીએ છીએ તેનું રિઝલ્ટ શું હશે એ અંગે જરાં પણ અંદાજ લગાવી શકાય તેમ નથી. ૧૩ વર્ષથી કેસિની શનિ ગ્રહને ચક્કર લગાવી રહયું છે પરંતુ ટાઈટનની સપાટી પર મીથેનવાયુ ધરાવતું વાતાવરણ હોવાથી જાણકારી મળી શકતી નથી. કેસિનીના રડારે કેટલીક આકૃતિઓ અને ઈમેજ ઝીલી છે પરંતુ ટાઈટન મૂન કેવી રીતે બન્યો છે તેની રચના અંગે જાણવા મળતું નથી. ટાઈટન પરનું વાયુમંડળનું વાતાવરણ મિથેનનું છે એના માટે પણ પહેલા દ્રીધા હતી. સપાટી પર તરલ મહાસાગર જેવી સ્થિતિ જોવા મળે છે તે મીથેન કે ઈથેન છે કે પછી બરફ જેવા કોઈ કઠણ પદાર્થ છે એવું પણ અનુમાન લગાવવામાં આવતું હતું.

વર્ષ ૨૦૦૫માં ટાઈટનની સપાટી પર હ્યુજન્સ ડિઝાઈન કરવામાં આવ્યું હતું. જે મીથેન કે ઈથેનના મહાસાગરમાં તરી શકે તેમ હતું. ટાઈટનનું વાયુમંડળ જોતા તે સપાટી પર ઉતરી શકશે કે કેમ તેની શંકા હતી પરંતુ ડ્રેગનફલાય મિશન ટાઈટનની સપાટીની અવશ્ય ચકાસણી કરશે. ડ્રેગનફલાય ટાઈટનના કોઈ એક સ્થળે એક દિવસ સુધી રહેશે. ટાઈટનનો એક દિવસ પૃથ્વીના ૧૬ દિવસ બરાબર થાય છે. આ દરમિયાન ટાઈટનની સપાટી પર સંશોધન કરશે.ત્યાર પછી તે ઉડીને નવા સ્થળે પહોંચશે. મંગળગ્રહ પર મોકલવામાં આવેલા રોવર પણ આ રીતે જ કામ કરી રહયા છે.ટાઈટનનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વીના સાતમા ભાગનું છે પરંતુ વિશાળ વાયુમંડળ ચાર ગણું ઘટ્ટ છે. ટાઈટન પરનું શાંત વાયુમંડળ અને પૃથ્વી કરતા પાતળી હવા ડ્રગનફલાય મિશન માટે અનુકુળ આવે તેમ છે.



### માસુમ બાળકોના માનસિક આરોગ્ય પર માઠી અસર થાય છે

**માતાપિતા વચ્ચે છુટાછેડાની અસર બાળક પર કેટલી થાય છે તે તેની વય પર આધારિત રહે છે આવી સ્થિતીમાં અલગ થઇ રહેલા માતાપિતાને સૌથી પહેલા આ બાબત પણ ડીલ કરવી જોઇએ કે પોતાના બાળકને તેઓ અલગ થઇ રહ્યા છે તે બાબત કઇ રીતે કહે**

# છુટાછેડાથી બે પરિવાર જુદા થાય છે

**કપલની પાસે જો બાળક પણ તલાકના સમય હોય છે તો સ્થિતી વધારે ભાવનાત્મક પિડા આપનાર બની જાય છે : બાળકોને પ્રાથમિકતા જરૂરી**

અંતરિક્ષની ઘણી ગતિવિધિઓ આપણને ચોંકાવી દેતી હોય છે. કેટલીક વિજ્ઞાનના નિયમો માટે પડકારજનક પણ લાગે છે. આવી જ એક રહસ્યમયી પ્રવૃતિને નાસાના વૈજ્ઞાનિકોએ શોધી કાઢી છે. નાસાએ એક બ્લેક હૉલ નિહાળ્યો છે. જે ખૂબ જ ગરમ પદાર્શોને પ્રકાશથી પણ વધુ ગતિએ ઉત્સર્જિત કરે છે. નાસાની ચંદ્ર ઓબ્જર્વેટરીમાં અલૌકિક ઘટનાનું અવલોકન થયું છે. વૈજ્ઞાનનિકોએ નોંધ્યુછે કે આ બ્લેકહોલ પદાર્થોને પ્રકાશ કરતાં પણ ૮૦ ગણો વધુ ઝડપે ફેંકે છે. કઈ પણ બ્લેકહોલમાં આ પ્રકારની પ્રવૃતિની અગાઉ ક્યારેય નોંધ લેવાઈ નથી. એવું અનુમાન છે કે આ બ્લેકહોલનો ભાર આપણા સૂર્ય કરતા ૮૦ ગણો વધારે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ બ્લેક હોલજે પૃથ્વીથી ઓછામાં ઓછા ૧૦ હજાર પ્રકાશ વર્ષ દૂર છે તે આપણી આકાશગંગામાં સ્થિત છે. ખગોળશાસ્ત્રીઓએ સ્છ૨ૅ ૧૮૨૦ ૦૭૦ તારા નજીક બ્લેક હોલનું અવલોકન કર્યું છે. આ બ્લેકહોલ આ તારા સાથે જેટ જેવી સામગ્રી ફેંકી રહ્યું છે.

ખગોળશાસ્ત્રીઓનું અવલોકન છે કે આ બ્લેક હૉલનું અવલોકન અગાઉના અભ્યાસ પર આધારિત છે. આ જેટ બ્લેક હૉલ પૃ



થ્વીથી દૂર ઉત્તર અને દક્ષિણ દિશામાં જઈ રહ્યા છે અને તેની ગતિ પ્રકાશની ગતિથી ૬૦થી ૧૬૦ ટકા જેટલી છે.

સંશોધનકારોના મતે આ ખાસ પ્રકારની ઘટના છે જેમાં બ્લેકહોમાંથી સામગ્રી બહાર ફેકાઈ રહી છે. બ્લેક હોલમાંથી સામગ્રીનું બહાર નીકળવું એ સુપરલ્યુમિનલ ગતિનું ઉદાહરણ છે. આ ઘટના ત્યારે બને છે જ્યારે પ્રકાશની ગતિએ પૃથ્વી તરફ કોઈ વસ્તુ આવે છે નાસાના મતે, આ ભ્રમણા તરફ દોરી જાય છે કે તે પ્રકાશ કરતાં ઝડપથી આવી રહ્યું છે.

આપણને પ્રશ્ન થાય કે આ બ્લેક હોલ શું છે? ઘણો અટપટો પ્રશ્ન છે. એટલે બ્લેકહોલ વિશે પહેલા થોડુ સમજવું જરૂરી છે.

જ્યારે કોઈ તારો તેનું કરોડો વર્ષનું આયુષ્ય પૂરું કરે છે ત્યારે તેનામાં હાઈડ્રોજન પૂરો થઈ જાય છે. ત્યારબાદ તારો ઠંડો થવા લાગે છે તે દરમિયાન તારામાં સુપરનોવા ક્રિયા થવા લાગે છે. સુપરનોવા ક્રિયામાં એક પ્રકારનો તીવ્ર વિસ્ફોટ થાય છે, જેમાં તારો ખૂબ જ તીવ્ર પ્રકાશથી સળગે છે અને પછી વેરાઈ જાય છે. એ તારાના પદાર્થ તીવ્ર પ્રકાશ સાથે અંતરીક્ષમાં ફેલાઈ જાય છે. તારાના બચેલા અવશેષોની આજુબાજુ શક્તિશાળી ગુરુત્વાકર્ષણ બળ લાગે છે, જે આજુબાજુના પદાર્થને પોતાની તરફ ખેચે છે. એટલે કે બધા જ પદાર્થો એકઠા થઈ એક કેન્દ્ર તરફ સંકોચાઈ જાય છે. જેને બ્લેક હોલ કહે છે.

વૈજ્ઞાનિકો એ ધરતીથી સૌથી દૂર આવેલા બ્લેક હૉલ ની શોધ કરી દીધી છે. આ ૧૩ અબજ પ્રકાશવર્ષ દૂર છે. એરિઝોનાના યૂનિવર્સિટીના એક્સપર્ટ્સના જણાવ્યા પ્રમાણે આ મહાવિશાળ બ્લેક હૉલ ત્યારે પેદા થયો હતો જ્યારે બ્રહ્માંડ ફક્ત ૬૭ કરોડ વર્ષ જૂનો હતો. આ એક ક્વાઝર(Quasar) છે. SBHનું સૌથી શક્તિશાળી ગુરુત્વાકર્ષણ આસપાસના મટેરિયલને પોતાની તરફ ખેંચી લે છે, જેનાથી તેની આસપાસ અત્યંત ગરમ મટેરિયલની એક ડિસ્ક પેદા થઈ જાય છે. આનાથી મોટી માત્રામાં ઊર્જાનું ઉત્સર્જન થાય છે અને ક્વાઝર પેદા થાય છે.

તેની ચમક આપણી આકાશગંગા કરતા હજારો ઘણી વધારે ત્ર૦૩૧૩-૧૮૦૬ નામના બ્લેકહૉલનો સમૂહ આપણા સૂર્યથી ૧.૬ અબજ ઘણું વધારે છે અને આની ચમક આપણી આકાશગંગા (Galaxy) કરતા હજારો ઘણી વધારે છે.

બિગ બેંગ (Big Bang) બાદ આ ઝડપ થી વધ્યું છે. અત્યાર સુધી માનવામાં આવી રહ્યું છે કે જીમ્ઊઁ તારાઓના ક્લસ્ટર ના મર્યા બાદ પેદા થાય છે. જો કે આ બ્લેક હૉલની શોધ અને આકારની સાથે હવે એસ્ટ્રોનોમર્સ (Astronomers) નું કહેવું છે કે બની શકે કે એકદમ શરૂઆતની ઠંડી હાઈડ્રોજન ગેસ (Hydrogen) ના પડવાથી આ બન્યા હોય.

# જીવનના છોડનો જાતે ઉછેર કરવાનો છે



**મન ઉપવન**

મુકેશ આંજણા

જીવન એ કુમળો છોડ છે. કુમળા કોમળતા જાણવી જોઈએ. હૃદયમાં કોમળતાની ગેરહાજરી હોય ત્યારે જીવન રસ સુકાઈ જાય છે. પછી જીવન ખાલી-ખાલી લાગે છે. જીવન સાવ નિરસ બની જાય ત્યારે જીવનનો છોડ ઉગી શકતો નથી. જીવન માણો એ પહેલા જ જીવન વેલ કરમાઈ જાય છે. જીવન નામના છોડનો જાતે ઉછેર કરવાનો છે. જીવનનાં થડમાં જેટલો વધારે પરસેવાને બૂંદ પડશે તો મન ખુશીનાં હરિયાળીથી ભરેલું રહેશે. માણસ હર્ષ-ઉલ્લાસ, ખુશી અને આત્મશાંતિની ખોજમાં આખું જીવન વેડફી નાખે છે છતાં સફળ થઈ શકતો નથી. ચહેરા પર એક પ્રકારનો જાણે સાવ કંટાળો હોય એવું લાગી આવે છે. જાણે માણસ હારી-થાકી ગયો એવું દેખાઈ આવે છે. મનમાં જીવન વિરૂદ્ધ એક પ્રકારની ચીસ સાંભળવા માટે છે. જીવવા માટે શ્રદ્ધાવાન બનવાની જરૂર છે. માણસ શ્રદ્ધા ગુમાવે છે ત્યારે જીવનમાંથી બધુ ગુમાવી દે છે. જીવનરૂપી છોડને લીલોછમ રાખવો હોય તો હૃદયમાં શ્રદ્ધાનો દીપક કાયમી રાખો. ભયથી વિચલિત થવાની જરૂર નથી. ભય એ અંદરથી ખોખલા બનાવી નાખે છે. બસ, એટલા માટે જીવનને શ્રદ્ધાનાં કિરણોથી તેજસ્વિતા તરફ લઈ જવાની જવાબદારી માણસની છે. ૧૮૮૦માં દોસ્તોયેવસ્કીની મૂળ રુસી ભાષામાં 'ધ બ્રધર્સ કારામોઝોવ' નામની વિશ્વ પ્રસિદ્ધ નવલકથા આવી. દોસ્તોયેવસ્કીએ પોતાની નવલકથામાં એક પાત્ર ઈશ્વરને કહે છે, 'લો, મારી આ ટિકિટ, પાછી લઈ લો, હું જીવવા માગતો નથી. જિંદગી વ્યર્થ છે. ન તો હું અનુગ્રહિત છું, ન અનુગ્રહનું કોઈ કારણ દેખું છું. બસ જિંદગીથી બહાર થઈ જવા દો. માણસ જિંદગીથી ક્યારેક લાચાર બની જાય છે. જીવને જે માણસે આત્મસાત કર્યું છે. તેઓ મુક્તરીતે જીવવા માંગે છે. તેઓ જીવનને માયૂસીનાં દરિયામાં નાખવા માંગતા નથી. જીવન ક્યારેક દુઃખનાં કારખાનામાં પડી જાય તે કોઈને ખબર રહેતી નથી. વૃક્ષનાં થડને ઊંધઈ ખાઈ જાય પછી બધી ડાળ સુકાઈ જાય છે. હૃદય આનંદથી ભરેલું છે. હૃદય વિરૂદ્ધ કોઈ કામ થાય ત્યારે ઘણી બધી તકલીફોની શરૂઆત થાય છે. તકલીફમાં પડીએ તે પહેલા સાંભળી ચાલવું જરૂરી છે. મતલબ કે હૃદયમાં સમગ્ર દુનિયા આવી જાય છે. જીવનના ઘણા બધા નિરાશ માણસોને કેદરનાથનું પુસ્તક 'વિવેક અને સાધન' વાંચવું જોઈએ. જીવન ફિલોસૂફી સમજાવતાં આ પુસ્તકમાં કેદરનાથે લખ્યું છે, 'અંતરની ઉત્કંટ ઈચ્છા આપણને આ માર્ગમાં હંમેશા સહાય કરતી રહેશે. એ ઈચ્છા અને સંકલ્પ આપણે કદી ઈશ્વરનિષ્ઠા કે સંકલ્પને મંદ થવા દેવાં ન જોઈએ'. આપણે આપણા નિર્માણકાર થવું જોઈએ. જીવનને આકાર જાતે આપવાનો છે, જીવનદીપ પ્રગટાવાંનો છે. જીવનની આબોહવા બદલવા માટે સેવેલા સપનાં પાછળ જાતે ખોજ કરવી પડે છે. જીવન માટે પ્રેમ જેવી પવિત્ર ચીજને પ્રથમ સ્થાન આપવું જોઈએ. પ્રેમ જીવનમાં હશે ત્યારે આપોઆપ હૃદયમાં ખુશીનો છેડ આકાર પામશે. કોઈ ફિલોસોફરે પ્રેમનો મહિમા સમજાવતાં કહેલું કે પ્રેમ સૌથી મોટી કલા છે. તેનાથી મોટું કોઈ જ્ઞાન નથી. બધા જ્ઞાન પ્રેમથી નાના છે. બધા જ્ઞાન બહારથી જાણી શકાય છે. માત્ર પ્રેમ જ્ઞાન જ હૃદયથી જાણી શકાય છે. પરમાત્મા ક્યાં નથી પરંતુ એ તો પ્રેમનાં કેન્દ્રમાં છે. માણસ એકલો રહી શકતો નથી. જીવનને કોઈના સંગાથની જરૂર પડે છે. જ્યારે પ્રેમના સ્પર્શનાં સંગાથ મળી જાય ત્યારે જીવન ખુશીનાં ગીતથી ઝૂમી ઉઠે છે. પ્રેમ થકી આંખમાંથી નીકળતું એક આંસુ પણ અમૂલ્ય કિંમતી હોય છે. જીવનમાં પ્રેમ પ્રગતિરૂપી સેતુ બને ત્યારે માણસ ધારેલા લક્ષ સુધી પહોંચવા માટે મદદગાર સાબિત થાય છે. હૃદયની ભાવના કોઈ સમજવાવાળું મળે ત્યારે માણસ સૌથી વધારે ખુશ હોય છે. એટલા માટે એકબીજાના આત્મામાં વસી જાઓ. બે આત્મા પ્રેમથી રંગાઈ જશે ત્યારે જીવનની ઘણી બધી સમસ્યાનો ઉકેલ મળી જશે. બસ વાત એટલી પ્રેમ પણ જીવનને આકાર આપવામાં સૌથી વધારે યોગ્યદાન રહે છે. ફિલોસોફર નીત્શે માણસ પોતાની જાતને ઓળખવાની વાત ખૂબ જ સચોટ રીતે કહી છે, 'હવે સમય આવી ગયો છે કે માણસ પોતાની મંઝિલ ઓળખી લે. અને પોતાની ઉંચી આશા, ઉંચું ધ્યેયનાં બીજ રોપે, ઉંચું ધ્યેય રાખીને સફળતા ન મળે તેટલા સુધી મથતા રહેવાનું છે. જીવનની દિશા ઓળખી છે. જીવનની દિશા ઓળખી લેવાશે ત્યારે ઉદાસીનતા હતાશા જેવા ગુણો નાશ થઈ જશે. બસ, ત્યારે માત્ર બાકી રહેશે ધ્યેય, ધારેલું લક્ષ અને જીવનની સફળતા. માણસ પોતાનું જીવન જાણી લે. પોતાનું કાર્યક્ષેત્ર જાણી લે અને પોતાનું લક્ષ જાણી લે ત્યારે ઘણી બધી અટકળોમાંથી મુક્ત થઈ જાય છે. એડવાન્સમાં સુખ માંગવાની માણસની દાનત છે. તેમાંથી બહાર આવીને યોગ્ય મુકામ પર પહોંચવા માટે પોતાની જાત પર વિશ્વાસ પેદા કરવો પડશે. ઉંચા ધ્યેય રાખવાથી ઘણા બધા ફાયદા તથા હોય છે. જીવનનું સ્તર ઘણી રીતે ઉંચું જાય છે. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ શાળા જીવનમાં અભ્યાસ કરતા ત્યારે એક કવિતા ભણેલી તે પોતાના પુસ્તક ઉૈહપ્નજ઼ર્ક હ્રૈટ્રી લખી છે. એ કવિતાનો સાર માત્ર આટલો જ છે. 'હે માણસ નબળી ઈચ્છાશક્તિ રાખીશ નહીં. ચિંતા કરવાની કોઈ જરૂર નથી. બળાપો કાઢીશ નહીં. જીવનમાં ઘણી બધી તકો આવતી રહે છે. ઉત્તમ કામની શરૂઆત હજી થઈ નથી અને શ્રેષ્ઠ કાર્ય હજી પુરું થયું નથી.' અંગ્રેજી કવિતા એટલું કહેવા માંગે છે. બધી હાય-લાય છોડી દે અને તારા જીવનનું કામ કર. નબળી શક્તિને પરસ્ત કરી નાખ અને દુનિયામાં ઢગલાબંધ સારા કામ કરી શકાય તેવા પડ્યા છે. માણસને માત્ર જાગ્રત થવાની જરૂર છે. કોઈ પણ કાર્ય હોય પણ જેટલું આત્મવિશ્વાસથી કામ કરશો તેમાંથી જીવનની કળા શીખવા મળશે. જીવન કળા વર્ગખંડમાં ભણવા મળતી નથી. જીવનની કળા વાસ્તવિકતામાંથી શીખવા મળે છે. 'શૂન્યનું સ્મારક' ગઝલ સંગ્રહમાં શૂન્ય પાલનપુરીની ગઝલની કેટલીક પંક્તિઃ

ઘડીભર જીવન થાક લેવા ચાહે તો
મરણ બની એને ઉતારી ન પાડો
ભવોભવ લગી ચાલનારી સફરમાં
પથિકને ઉતારા વિના ચાલશે ના

જીવનની સફર ઘણી બધી લાંબી છે.

આમ વિચારીએ તો જીવન ઘણું ટૂંકું છે. મુશ્કેલી તો જીવનમાં આવતી રહે છે. ઘણી વખત આવતી મુશ્કેલી જીવન માટે રાહબર બની જતી હોય છે. મુશ્કેલીનો સામનો કરે છે તે માણસ બધું સહન કરી શકે છે. મુશ્કેલી અને જીવન સંઘર્ષમાંથી જીવનનું સર્જન કરી શકાય છે. નિષ્ફળતા મળે તો જીવનમાં થોડો વિસામો લેવો જરૂરી છે. વિસામો લેવો એટલે નિરાંતે બેસવું. નિરાંતે બેસવાથી જીવનની ઘણી બધી સમસ્યા હલ થતી હોય છે. જીવનનું અસલીરૂપ દુઃખ, પીડામાં સમાયેલું છે. કેમ કે દુઃખ, પીડા સહન કરનારો માણસ સુખનો એક ઘૂંટ પીવા મળે તો પણ તે અમૃત કરતા ઘણો મીઠો લાગે છે. ખૈર, કહેવાનો અર્થ એ છે જીવનમાં અજવાળું પાથરવું હોય તો જીવનની વાસ્તવિકતાને ઓળખો. મુશ્કેલી આવે તો પીછેહટ ન કરો. તેનો માત્ર સામનો કરો. મુશ્કેલીનાં મૂળમાં સુખનું સરનામું છે. લિંકને એક વખત કાયદાશાસ્ત્રનાં વિદ્યાર્થીને સલાહ આપતા કહેલું કે જો તે તારા ખરા મનથી નક્કી કરી લીધું છે કે તારે માત્ર કાયદાશાસ્ત્રનો જ અભ્યાસ કરવો છે તો એ વાત સમજી લેજે કે તારું અડધું કાર્ય તો થઈ ગયું છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



સંગઠનો નિયંત્રણ રેખા પર સંવેદનશીલ સ્થળોને ઓળખવા માટે ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છે

## લશ્કર અને જૈશ ફરી સક્રિય : સાત વર્ષમાં ૧૮ આત્મઘાતી હુમલા, ૨૧૨ લોકો માર્યા ગયા

। એજન્સી, જમ્મુ, તા.૧૧ ।

જમ્મુ અને કાશ્મીરમાં પાકિસ્તાન દ્વારા પ્રાયોજિત આત્મઘાતી હુમલાઓ એક મોટો પડકાર સાબિત થયા છે. છેલ્લા ૧૭ વર્ષમાં ૧૮ આત્મઘાતી હુમલા થયા છે. કાશ્મીર વિભાગના સરહદી જિલ્લા કુપવાડા, બારામુલ્લા અને ગાંદરબલમાં, આતંકવાદીઓ ગાઢ બરફ અને મુશ્કેલ માર્ગોનો લાભ લઈ રહ્યા છે, જ્યારે જમ્મુ વિભાગના રાજૌરી, પૂંછ અને સાંબા સેક્ટરમાં, તેઓ ધુમ્મસનો ઉપયોગ કરીને ઘૂસણખોરીનું કાવતરું ઘડી રહ્યા છે. જેમ જેમ તાપમાન ઘટતું જાય છે, ઘૂસણખોરીના પ્રયાસો વધે છે.ગુપ્તચર અહેવાલો અનુસાર, લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠનો વધુ એક હુમલાની યોજના બનાવી રહ્યા છે.

આ સંગઠનો નિયંત્રણ રેખા પર સંવેદનશીલ સ્થળોને ઓળખવા માટે ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છે. આતંકવાદી સંગઠનો નિયંત્રણ રેખા પર સંવેદનશીલ સ્થળોને ઓળખવા માટે ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છે.પાકિસ્તાનની આઈએસઆઈ અને સેનાની એસએસજી આતંકવાદી સંગઠનોને મદદ કરી રહી છે.

સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે, અને નિયંત્રણ રેખા પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીરમાં પાકિસ્તાન દ્વારા પ્રાયોજિત આત્મઘાતી હુમલાઓ એક મોટો પડકાર સાબિત થયા છે. છેલ્લા ૧૭ વર્ષમાં ૧૮ આત્મઘાતી હુમલા થયા છે.

હું પીડિતોના પરિવારોનું દુઃખ સમજું છું

# એજન્સીઓ આ ષડયંત્રના તળિયે પહોંચશે । કોઈ પણ કાવતરાખોરોને બક્ષવામાં આવશે નહીં : પીએમ

**પીએમ મોદીએ અંગ્રેજીમાં સ્પષ્ટપણે કહ્યું, "જવાબદાર તમામને ન્યાયના દાયરામાં લાવવામાં આવશે" દરમિયાન સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે દિલ્હી વિસ્ફોટો કેસ અંગે નિવેદન આપ્યું**

। એજન્સી, નવીદિલ્હી, તા.૧૧ ।

ભારતની રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા પાસે સોમવારે થયેલા પ્રચંડ કાર વિસ્ફોટની તપાસ ચાલુ છે. દિલ્હી પોલીસ સહિત દેશભરની તમામ એજન્સીઓ ઘટનાસ્થળે હાજર છે અને વિસ્ફોટના કારણની તપાસ કરી રહી છે. પોલીસે આ ઘટનાની તપાસ કરતી વખતે અનેક શંકાસ્પદોની અટકાયત કરી છે. હવે, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પડોશી દેશ ભૂટાનની મુલાકાત દરમિયાન આ ઘટના વિશે વાત કરી છે. પીએમ મોદીએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને કહ્યું છે કે તેમાં સામેલ કોઈપણ કાવતરાખોરોને બક્ષવામાં આવશે નહીં.



પીએમ મોદીએ કહ્યું, "દિલ્હીમાં બનેલી ભયાનક ઘટનાએ બધાને દુઃખ પ હોંચાડ્યું છે. હું ભારે હૃદય સાથે ભૂટાન પાછો ફર્યો છું. મેં આખી રાત આ ઘટનાની તપાસમાં સામેલ એજન્સીઓ સાથે બેઠકોમાં વિતાવી. આખો દેશ પીડિતોના પરિવારો સાથે ઉભો છે. હું પીડિતોના પરિવારોનું દુઃખ સમજું છું. એજન્સીઓ આ ષડયંત્રના તળિયે પહોંચશે. કોઈ પણ કાવતરાખોરોને બક્ષવામાં આવશે નહીં." પીએમ મોદીએ અંગ્રેજીમાં સ્પષ્ટપણે કહ્યું, "જવાબદાર તમામને ન્યાયના દાયરામાં લાવવામાં આવશે."દરમિયાન સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે દિલ્હી વિસ્ફોટો કેસ અંગે નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, "સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ ચાલી રહી છે. તપાસની વિગતો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. વિસ્ફોટો માટે જવાબદાર લોકોને છોડવામાં આવશે નહીં. ગુનેગારોને કડક સજાનો સામનો કરવો પડશે."

રાજનાથ સિંહે કહ્યું, "હું ગઈકાલે દિલ્હીમાં થયેલા દુઃખદ અકસ્માતમાં મૃત્યુ પામેલા તમામ લોકો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરું છું. હું આ ઊંડા દુઃખની ઘડીમાં શોકગ્રસ્ત પ રિવારોને શક્તિ અને સાંત્વના આપવા માટે ભગવાનને પ્રાર્થના કરું છું."

તેમણે કહ્યું, "હું મારા બધા દેશવાસીઓને ખાતરી આપવા માંગુ છું કે દેશની ટોચની તપાસ એજન્સીઓ આ ઘટનાની ઝડપી અને સંપૂર્ણ તપાસ કરી રહી છે. તારણો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. હું મારા દેશવાસીઓને ખાતરી આપું છું કે આ દુર્ઘટના માટે જવાબદાર લોકોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે અને કોઈપણ સંજોગોમાં તેમને છોડવામાં આવશે નહીં.

કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ દિલ્હી વિસ્ફોટો પર મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે આ હુમલો એક મોટા ષડયંત્રનો ભાગ હતો.

## સપા નેતા આઝમ ખાનને કોર્ટે નફરતભર્યા ભાષણ કેસમાં નિર્દોષ જાહેર કર્યા

। એજન્સી, રામપુર, તા.૧૧ ।

સપા નેતા આઝમ ખાનને સાંસદ-ધારાસભ્ય કોર્ટ તરફથી મોટી રાહત મળી છે. આઝમ ખાનને નફરતભર્યા ભાષણ કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. ખાન આજે સાંસદ-ધારાસભ્ય કોર્ટમાં હાજર થયા. સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં દાખલ ભડકાઉ ભાષણ કેસમાં આજે કોર્ટનો ચુકાદો આવ્યો.સપા નેતા આઝમ ખાન ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં સપા ઉમેદવાર હતા. આ સમય દરમિયાન, તેમણે ૨૩ એપ્રિલે સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચૂંટણી રેલી યોજી હતી. બીજા દિવસે, ૨૪ એપ્રિલ, ૨૦૧૯ના રોજ, સહાયક રિટર્નિંગ ઓફિસર અને તત્કાલીન એસડીએમ સદર પ્રેમ પ્રકાશ તિવારીએ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં આઝમ ખાન વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો.રાહત મળ્યા બાદ આઝમ ખાને કહ્યું, "અમારું જીવન નિષ્કલંક છે. આ આપણા જીવનનું સત્ય છે. અમે બંદૂક વેચનારા નથી. અમે ગરીબોને ઘર આપ્યા અને જેલમાં સમય પસાર કર્યો."આઝમ ખાનને અગાઉ આરએસએસને બદનામ કરવાના કેસમાંથી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. આ કેસમાં પણ આઝમ ખાનને લખનૌ સાંસદ/ધારાસભ્ય કોર્ટમાંથી રાહત મળી હતી. આ કેસ ૨૦૧૯ માં હઝરતગંજ પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવ્યો હતો.

## વાયુ પ્રદૂષણ, સમગ્ર વર્ષ દરમિયાન નક્કર ઉત્સર્જન નિયંત્રણ પગલાં લેવાની જરૂરિયાત : કોંગ્રેસ

। એજન્સી, નવીદિલ્હી, તા.૧૧ ।

દિલ્હીમાં વાયુ પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચ્યા પછી કેન્દ્ર સરકારના ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાનની માર્ગદર્શિકા લાગુ કરવામાં આવી છે. દરમિયાન, કોંગ્રેસના નેતા જયરામ રમેશે આ યોજના પર સરકારની વધુ પડતી નિર્ભરતા અંગે ચિંતા વ્યક્ત કરી અને સમગ્ર વર્ષ દરમિયાન નક્કર ઉત્સર્જન નિયંત્રણ પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. રમેશે કહ્યું કે દિલ્હીમાં વાયુ પ્રદૂષણ દર શિયાળામાં વધુ ખરાબ થાય છે, પરંતુ સરકારનો પ્રતિભાવ કટોકટીના પગલાં સુધી મર્યાદિત રહ્યો છે.તેમણે 'એક્સ' પર લખ્યું કે દિલ્હીમાં જીઆરએપી-૩ લાગુ કરવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે ૨૦૧૪ થી ૨૦૧૭ ની વચ્ચે વાયુ પ્રદૂષણ સંકટના પ્રતિભાવમાં આ યોજનાને મંજૂરી આપી હતી. એવી આશા હતી કે સમય જતાં તે ઓછી જરૂરી બનશે કારણ કે ઉત્સર્જન વર્ષભર ઘટશે, પરંતુ હવે તે સંપૂર્ણપણે પ્રતિક્રિયાશીલ બની ગયું છે.કોંગ્રેસ નેતાએ કહ્યું કે સરકારે કટોકટી વ્યવસ્થાપન કરતાં કટોકટી નિવારણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે ચેતવણી આપી કે જો વર્તમાન પરિસ્થિતિઓ ચાલુ રહેશે, તો રાષ્ટ્રીય હવા ગુણવત્તા ધોરણોને પૂર્ણ કરવા માટે દિલ્હીએ હજુ પણ તેના પીએમ૨.૫ સ્તરને ૬૦% થી વધુ ઘટાડવાની જરૂર છે.

પાકિસ્તાની નિષ્ણાતો માને છે કે જો વિસ્ફોટમાં પાકિસ્તાનનું નામ સંડોવાયું તો ભારત બદલો લઈ શકે

# દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટ બાદ પાકિસ્તાનમાં ગભરાટનું વાતાવરણ

**આરઝૂએ કહ્યું, "દિલ્હી હુમલા પછી, પરિસ્થિતિ વધુ ખરાબ થતી દેખાય । ફરી એકવાર, ભારતે ખુલ્લેઆમ કંઈ કહ્યું નથી, પરંતુ તપાસ ચાલી રહી છે । જો કોઈ પુરાવા મળે, અથવા જો કંઈ થાય, તો ભારત પાકિસ્તાન તરફ ઈશારો કરી શકે**

। એજન્સી, નવીદિલ્હી,તા.૧૧ ।

સોમવાર સાંજે દિલ્હીમાં થયેલા વિસ્ફોટની તપાસ ચાલી રહી છે. દરેક કડીને જોડવામાં આવી રહી છે. ભારત સરકાર કે કોઈપણ એજન્સીએ હજુ સુધી સીધા પાકિસ્તાનનું નામ લીધું નથી. જોકે, પાકિસ્તાનમાં ગભરાટ શરૂ થઈ ગયો છે. પાકિસ્તાની ટીવી ચેનલો ગઈકાલે રાતથી જ ઉગ્રતાથી અહેવાલો આપી રહી છે, આ ઘટનામાં પાકિસ્તાનની કોઈ ભૂમિકા ન હોવાનું દર્શાવવાનો પ્રયાસ કરી રહી છે. પાકિસ્તાની નિષ્ણાતોએ જણાવ્યું છે કે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે અને પાકિસ્તાનને ભારતના બદલાથી ડર છે.દિલ્હી બોમ્બ વિસ્ફોટો પછી, પાકિસ્તાની સરકાર ડરી ગઈ છે. આ પાકિસ્તાની પત્રકાર આરઝૂ કાઝમીનું નિવેદન છે. આરઝૂના મતે, પાકિસ્તાની સરકાર હાલમાં ડરમાં છે કારણ કે તેને ડર છે કે ભારત ચોક્કસપ ણે પાકિસ્તાનને કઠેડામાં ઉભું કરશે. આરઝૂએ કહ્યું, "દિલ્હી હુમલા પછી, પરિસ્થિતિ વધુ ખરાબ થતી દેખાય છે. ફરી એકવાર, ભારતે ખુલ્લેઆમ કંઈ કહ્યું નથી, પરંતુ તપાસ ચાલી રહી છે. જો કોઈ પુરાવા મળે, અથવા જો કંઈ થાય, તો ભારત પાકિસ્તાન તરફ ઈશારો કરી શકે છે. તે પાકિસ્તાનને કહી શકે છે.



આવી સ્થિતિમાં પાકિસ્તાન શું કરશે? પાકિસ્તાન પહેલેથી જ ગભરાયેલું છે. પાકિસ્તાની સરકાર અને પાકિસ્તાની રાજ્ય હાલમાં ડરમાં છે કે ભારત ફરીથી પાકિસ્તાનનું નામ લઈ શકે છે. અમે ભારત અને પાકિસ્તાન વચ્ચેનો તણાવ ઓછો થાય તે માટે પ્રયાસ કરી રહ્યા હતા અને પ્રાર્થના કરી રહ્યા હતા, પરંતુ તે ફરી એકવાર વધી રહ્યું હોય તેવું લાગે છે, અને તેની અસર ચોક્કસપણે બંને બાજુના મીડિયામાં સ્પષ્ટપણે દેખાશે."પાકિસ્તાની પ ત્રકાર આરઝૂ કાઝમીએ પાકિસ્તાનની શાહબાઝ સરકાર પર પ્રશ્નો ઉઠાવ્યા છે. કાઝમીએ કહ્યું કે પાકિસ્તાન સરકારે હજુ સુધી દિલ્હી વિસ્ફોટો પર દુઃખ વ્યક્ત કર્યું નથી. આવી સ્થિતિમાં, શંકાની સોય પાકિસ્તાન તરફ કેમ ન ઠરે? કાઝમીએ કહ્યું, "પાકિસ્તાની સરકાર દ્વારા હજુ સુધી દુઃખ વ્યક્ત કરતું કોઈ નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. પાકિસ્તાનના વડા પ્રધાને દિલ્હીમાં થયેલા હુમલા માટે ઠ અથવા અન્ય કોઈ માધ્યમથી તાત્કાલિક પાકિસ્તાન રાજ્ય સમક્ષ દુઃખ વ્યક્ત કરવું જોઈતું હતું. જ્યાં સુધી તમે આવા હુમલાઓ પર તમારી નિર્દોષતા અને દુઃખ ન જણાવો, ત્યાં સુધી તે ચોક્કસપણે ખોટો સંદેશ મોકલશે.

આ ઘટનાથી અમે આઘાત પામ્યા છીએ : ચીન

## ચીને દિલ્હી વિસ્ફોટ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી

। એજન્સી, બેઇજિંગ, તા.૧૧ ।

ચીને દિલ્હી વિસ્ફોટ પર મોટું નિવેદન આપ્યું છે. ચીને વિસ્ફોટ પર દુઃખ વ્યક્ત કર્યું છે અને કહ્યું છે કે તે આ ઘટનાથી આઘાત પ ામ્યો છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ વાત કહી.ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને કહ્યું, "આ ઘટનાથી અમે આઘાત પામ્યા છીએ." લિને વિસ્ફોટમાં માર્યા ગયેલા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી. તેમણે એમ પણ કહ્યું કે વિસ્ફોટમાં કોઈ ચીની નાગરિક ઘાયલ થયાના અહેવાલ નથી.સોમવાર સાંજે દિલ્હીમાં લાલ કિલ્લાની સામે એક કારમાં વિસ્ફોટ થયો, જેમાં અનેક વાહનો અને લોકો અથડાયા. આ ઘટનામાં બાર લોકો માર્યા ગયા અને ૨૯ ઘાયલ થયા. મૃત્યુઆંક વધવાની ધારણા છે. તપાસ એજન્સીઓ સંપૂર્ણ તપાસ કરી રહી છે, અને સુરક્ષા દળો સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે.પીએમ મોદીએ પણ આ ઘટના પર એક નિવેદન બહાર પાડ્યું છે. તેમણે કહ્યું, "હું પીડિતોના પરિવારોનું દુઃખ સમજું છું. આજે, આખો દેશ તેમની સાથે ઉભો છે. હું ગઈકાલે રાત સુધી આ ઘટનાની તપાસ કરી રહેલી બધી એજન્સીઓના સંપ ર્કમાં હતો. અમારી એજન્સીઓ આ ષડયંત્રના તળિયે પહોંચશે. તેની પાછળના ગુનેગારોને બક્ષવામાં આવશે નહીં."ભૂટાનના મહામહિમ રાજાએ થિમ્પુના ચાંગલિમિથાંગ સ્ટેડિયમમાં હજારો ભૂટાનીઓ સાથે દિલ્હી વિસ્ફોટના પીડિતો માટે પ્રાર્થના કરી હતી. નોંધનીય છે કે પ ીએમ મોદી હાલમાં ભૂટાનની મુલાકાતે છે. ચીને દિલ્હી વિસ્ફોટ પર મોટું નિવેદન આપ્યું છે. ચીને વિસ્ફોટ પર દુઃખ વ્યક્ત કર્યું છે અને કહ્યું છે કે તે આ ઘટનાથી આઘાત પામ્યો છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ વાત કહી.ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને કહ્યું, "આ ઘટનાથી અમે આઘાત પામ્યા છીએ." લિને વિસ્ફોટમાં માર્યા ગયેલા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપ થી સ્વસ્થ થવાની કામના કરી.

## ન્યૂઝ બ્રિફ



### કર્ણાટકના મુખ્યમંત્રીએ મેકેદાતુ પ્રોજેક્ટ માટે ફરી એકવાર ભાર મૂક્યો

। એજન્સી, બેંગ્લુરૂ, તા.૧૧ ।

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ફરી એકવાર મેકેદાતુ પ્રોજેક્ટ પર ભાર મૂક્યો. બેંગલુરુમાં પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા માટે કર્ણાટક સરકારની આ એક મહત્વાકાંક્ષી યોજના છે, અને આ જ કારણ છે કે કર્ણાટક સરકાર તેના પર ખૂબ ભાર મૂકી રહી છે. જોકે, તમિલનાડુના વાંધાને કારણે, સર્વસંમતિ બની રહી છે. મંગળવારે, કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ફરી એકવાર મેકેદાતુ પ્રોજેક્ટ પર ભાર મૂક્યો અને એમ પણ કહ્યું કે તે પડોશી તમિલનાડુના હિતોને અસર કરશે નહીં.સિદ્ધારમૈયાએ કહ્યું કે આ વર્ષે કર્ણાટકમાં ભારે વરસાદ પડ્યો છે અને તમિલનાડુને પણ આ વર્ષે વધુ પાણી મળશે. મંગળવારે મૈસુરમાં એક પત્રકાર પરિષદ દરમિયાન, સીએમ સિદ્ધારમૈયાએ કહ્યું, "તમિલનાડુને ફક્ત ૧૭૭ ટીએમસી પાણી આપ વું જોઈએ, પરંતુ અમે વધારાનું ૧૫૦ ટીએમસી પ ાણી આપ્યું છે. આનો અર્થ એ છે કે અમે નિર્ધારિત ક્વોટા કરતાં બમણું પાણી છોડ્યું છે. મેકેદાતુ જળાશય પ્રોજેક્ટ તમિલનાડુના હિતોને નુકસાન પહોંચાડશે નહીં."મેકેદાતુ પ્રોજેક્ટમાં કર્ણાટકના રામનગર જિલ્લામાં કનકપુરા નજીક એક જળાશય બનાવવાનો વિચાર છે, જે તમિલનાડુ સરહદ પર સ્થિત છે અને બેંગલુરુથી લગભગ ૯૦ કિલોમીટર દૂર છે. કર્ણાટક સરકાર ૯૯ મીટર ઊંચો, ૭૩૫ મીટર લાંબો કોંક્રિટ ડેમ બનાવવાની યોજના ધરાવે છે, જેમાં પાવર પ્લાન્ટ પણ શામેલ છે. મેકેદાતુ પ્રોજેક્ટ ૬૬,૦૦૦ સ્ક્ર પાણીની ક્ષમતા ધરાવતો જળાશય બનાવશે, જે બેંગલુરુની પાણીની અછતને સંભવિત રીતે દૂર કરશે.

### મોદી જાહેર ક્ષેત્રના ઉપક્રમોને કેટલાક ઉદ્યોગપતિઓને સોંપી રહ્યા છે : પ્રિયંકા ગાંધી

। એજન્સી, પટણા, તા.૧૧ ।

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ બિહારના કટિહારમાં એક ચૂંટણી રેલીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે આજે કોંગ્રેસ એ જ સંઘર્ષ કરી રહી છે જે મહાત્મા ગાંધીએ અન્યાય અને વિભાજનકારી નીતિઓ સામે કર્યો હતો.પ્રિયંકા ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે વડા પ્રધાન મોદી દેશના તમામ જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પીએસયુ) તેમના કેટલાક કોર્પોરેટ મિત્રોને સોંપી રહ્યા છે, જેનાથી સામાન્ય જનતાને નુકસાન થઈ રહ્યું છે. તેમણે કહ્યું, "વડા પ્રધાન જાહેર સંપ ત્તિઓ કેટલાક પસંદગીના ઉદ્યોગપતિઓને સોંપી રહ્યા છે, જ્યારે દેશના સામાન્ય લોકો ભાડું ચૂકવી રહ્યા છે."

વડા પ્રધાનના તાજેતરના ભાષણો પર પ્રતિક્રિયા આપતા, પ્રિયંકા ગાંધીએ કહ્યું કે વડા પ્રધાન મોદી તેમના પદની ગરિમા જાળવવામાં નિષ્ફળ ગયા છે. તેમણે લોકોને ઉશ્કેરવા માટે "કટ્ટા" જેવા શબ્દોનો ઉપયોગ કરવા બદલ વડા પ્રધાનની ટીકા કરી. પ્રિયંકા ગાંધીએ ભાર મૂક્યો કે દેશના સર્વોચ્ચ પદ પર રહેલા વ્યક્તિએ સંયમ અને શિષ્ટાચાર જાળવવો જોઈએ.

## મહેન્દ્ર સિંહ ધોનીની આઇપીએલ કારકિર્દી હજુ પૂરી થઇ નથી : સીએસકેના સીઇઓ

। એજન્સી, મુંબઇ, તા.૧૧ ।

આઈપીએલ ૨૦૨૬ શરૂ થવામાં હજુ ઘણો સમય બાકી છે. આ પહેલા પણ, ધોની વિશે સમાચાર આવવા લાગ્યા છે.આઈપીએલ ૨૦૨૬ માં ધોનીની ભાગીદારી અંગે એક મોટું અપડેટ આવ્યું છે. મહેન્દ્ર સિંહ ધોનીની આઈપીએલ કારકિર્દી હજુ પૂરી થઈ નથી. ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન આગામી સિઝનમાં ફરી એકવાર ટીમની જર્સીમાં જોવા મળશે. ફ્રેન્ચાઈઝ દ્વારા જ આ વાતની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે. જોકે, સેમસનના સંભવિત વેપાર અંગેની સ્થિતિ આગામી થોડા દિવસોમાં સ્પષ્ટ થઈ શકે છે.

## દિલ્હીમાં વિસ્ફોટ બાદ અરુણ જેટલી સ્ટેડિયમની આસપાસ સુરક્ષા વધારવામાં આવશે

। એજન્સી, નવીદિલ્હી, તા.૧૧ ।

દિલ્હીમાં લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક એક આઈ-૨૦ કારમાં જોરદાર વિસ્ફોટ થયો. વિસ્ફોટ સાંજે ૭ વાગ્યાની આસપાસ થયો હતો અને તે સમયે આ વિસ્તાર ખૂબ ભીડવાળો હતો. વિસ્ફોટ થયેલી કારની પાછળ એક ઓટોરિક્ષા ચાલી રહી હતી. તે ઓટોરિક્ષા પણ સંપૂર્ણપ ણે નાશ પામી હતી. જોકે, ડ્રાઈવર સુરક્ષિત છે. વિસ્ફોટ બાદ, સમગ્ર દિલ્હીમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જમ્મુ-કાશ્મીર અને દિલ્હી વચ્ચેની રણજી ટ્રોફી મેચ દિલ્હીના અરુણ જેટલી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. લાલ કિલ્લાથી થોડા કિલોમીટર દૂર આવેલા સ્ટેડિયમમાં અને તેની આસપાસ સુરક્ષા વધારવામાં આવશે.દિલ્હી અને જિલ્લા ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી અશોક શર્માએ જણાવ્યું હતું કે દિલ્હી અને જમ્મુ-કાશ્મીર વચ્ચેની રણજી ટ્રોફી મેચના અંતિમ દિવસે અરુણ જેટલી સ્ટેડિયમની આસપાસ સુરક્ષા વધારવામાં આવશે. શર્માએ કહ્યું, "હું દિલ્હી પોલીસ અધિકારીઓનો સંપર્ક કરીશ અને તેમને સ્ટેડિયમ પરિસરની બહાર વધારાની સુરક્ષા ગોઠવવા વિનંતી કરીશ."દિલ્હી પોલીસે સોમવારે સાંજે લાલ કિલ્લા પાસે વિસ્ફોટ થયેલી કારના માલિકની અટકાયત કરી છે. એક અધિકારીએ આ માહિતી આપી. વિસ્ફોટમાં ઘણા લોકો માર્યા ગયા અને ઘણા વાહનો બળી ગયા. પોલીસે કારના માલિક મોહમ્મદ સલમાનને હરિયાણાના ગુરુગ્રામથી અટકાયતમાં લીધો છે. અધિકારીએ જણાવ્યું હતું કે સલમાને તેની કાર ઓખલામાં એક વ્યક્તિને વેચી હતી.

રાજકીય રીતે ગરમાયો | રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવ પછી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ ખુલ્લેઆમ સામે આવ્યા

# તમે મારું ગળું કાપી શકો છો, આ વોટ પ્રતિબંધ નોટબંધી જેવો છે : મમતા બેનર્જી

। એજન્સી, કોલકતા, તા.૧૧ ।

૧૨ રાજ્યોમાં ચૂંટણી પંચના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) રાજકીય રીતે ગરમાયો છે. રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવ પછી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ ખુલ્લેઆમ સામે આવ્યા છે. સિલિગુડીની બે દિવસીય મુલાકાત દરમિયાન મીડિયા સાથે વાત કરતા મમતા બેનર્જીએ જણાવ્યું હતું કે બે મહિનામાં જીંઈ લાગુ કરવું સંપૂર્ણપણે અશક્ય છે. સરકાર નોટબંધીની જેમ સામાન્ય લોકો પર જીંઈ લાદી રહી છે. નોટબંધીની જેમ, આ મતદાન પર પ્રતિબંધ છે.

કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા મમતા બેનર્જીએ કહ્યું, "તમે મારું ગળું કાપી શકો છો, મને જેલમાં મોકલી શકો છો, પરંતુ રાજ્યના એક પણ સાચા મતદારનું નામ ડિલીટ ન કરો. જો તમે આમ કરશો તો વિરોધ થશે." તેમણે ઉમેર્યું હતું કે કેન્દ્ર સરકાર આ ખોટું કરવા માટે ચૂંટણી પંચ સાથે સાંઠગાંઠ કરી રહી છે. સરકારને ડર છે કે જનતા હવે તેમના જુઠ્ઠાણા પકડી રહી છે. એટલા માટે જીંઈ દ્વારા મતોની ચોરી થઈ રહી છે. મમતા બેનર્જીએ કહ્યું કે સરકાર જાણી જોઈને અધિકારીઓને વ્યસ્ત રાખી રહી છે જેથી તેઓ ત્રણ મહિના સુધી કામ ન કરી શકે. ટૂંકમાં, આ એક પ્રકારની સુપર ઈમરજન્સી છે.



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું, ટીએમસી હજુ પણ એસઆઈઆર બંધ કરવા પર અડગ છે. આ સમગ્ર પ્રક્રિયા રાજ્યના લોકોને બદનામ કરવાનો પ્રયાસ છે.એસઆઈઆર દરમિયાન રાજ્યમાં ઘણા લોકો મૃત્યુ પામ્યા, છતાં ચૂંટણી પંચ તરફથી એક પણ શોક સંદેશ આવ્યો નથી. વાસ્તવમાં, ચૂંટણી પંચ સંપૂર્ણપ ણે કેન્દ્ર સરકારના ઈશારે કામ કરી રહ્યું છે. કેન્દ્ર સરકાર ચૂંટણી પંચને કાર્યો આપી રહી છે, જે તે વારાફરતી પૂર્ણ કરી રહી છે, પરંતુ પશ્ચિમ બંગાળમાં આવું થવા દેવામાં આવશે નહીં."

મમતા બેનર્જીએ વધુમાં કહ્યું કે સરકાર બિહારમાં ઘૂસણખોરો વિશે વાત કરે છે. ગૃહમંત્રી વારંવાર આનો ઉલ્લેખ કરે છે. બિહાર ચૂંટણી દરમિયાન તેમણે દરેક ભાષણમાં વારંવાર આ વિશે વાત કરી છે. હવે મને એક વાત કહો. બિહારમાં તમારી સરકાર છે, છતાં ઘૂસણખોરો ત્યાં ફરતા હોય છે. આવી સ્થિતિમાં, ગૃહમંત્રી તરીકે, તમારે તમારા પદ પરથી રાજીનામું આપવું જોઈએ. કારણ કે દેશની આંતરિક સુરક્ષા, સરહદો, સીઆરપીએફ અને બીએસએફ તમારી જવાબદારી છે.

# પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં વિસ્ફોટ, હાઇકોર્ટ પાસે કારમાં ધડાકો થતાં ૧૨ના મોત । અનેક ઈજાગ્રસ્ત








ઈસ્લામાબાદ : પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં બ્લાસ્ટના સમાચાર સામે આવ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં હાઈકોર્ટ નજીક લગભગ ૧૨:૩૦ વાગ્યાની આસપાસ એક કારમાં વિસ્ફોટ થયો છે. પ્રાથમિક માહિતી અનુસાર આ વિસ્ફોટમાં લગભગ ૧૨ લોકોના મોત થયા છે અને ૨૦થી ૨૫ લોકો ઘાયલ થયા છે. ઈસ્લામાબાદ કોર્ટ પરિસરના પાર્કિંગ એરિયામાં ઊભેલી એક કારમાં સિલિન્ડર ફાટવાથી બ્લાસ્ટ થયો, જેનો અવાજ દૂર સુધી સંભળાતા અફરાતફરી મચી ગઈ. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, ભારે ટ્રાફિક અને ભીડ વચ્ચે થયેલા આ બ્લાસ્ટમાં કેટલાક વકીલો અને નાગરિકો ઘાયલ થયા છે. ઘાયલોને તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ કરાયા છે, જ્યારે પોલીસે વિસ્તાર સીલ કરીને પ્રાથમિક તપાસ શરુ કરી દીધી છે.પ્રાથમિક રિપોર્ટ્સ મુજબ, આ બ્લાસ્ટ સિલિન્ડર ફાટવાને કારણે થયો હોવાનું પોલીસ માની રહી છે, પરંતુ મામલાની સઘન તપાસ ચાલુ છે. ઘટનાસ્થળે સુરક્ષા દળો અને ફોરેન્સિક ટીમ તૈનાત છે, જે ધમાકાના કારણ અને સંભવિત બેદરકારીની તપાસ કરી રહી છે. આ ઘટના બાદ કોર્ટ પરિસર અને આસપાસના વિસ્તારમાં સુરક્ષા વધારી દેવાઈ છે, કોર્ટની તમામ કામગીરી સ્થગિત કરાઈ છે અને પોલીસે લોકોને સાવધાની રાખવાની અપીલ કરી છે.

## શ્રદ્ધા ઝોટોપિયા-ટુમાં અવાજ આપીને હોલિવૂડમાં ડેબ્યુ કરશે



। એજન્સી, મુંબઇ, તા.૧૧ ।

શ્રદ્ધા કપૂરને હોલીવૂડના એક મોટા પ્રોજેક્ટમાં કામ કરવાની તક મળી છે. તેણે સોશયલ મીડિયાના હેન્ડલ પર પોતાની આ ખુશી જાહેર કરી છે. શ્રદ્ધાએ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મ જૂટોપિયા ટુનુંએક પોસ્ટર શેર કર્યુ હતું. તેણે સાથે કેપ્શનમાં લખ્યું હતું કે, ઝૂટોપિયા ટુ પરિવારમાં સામેલ થવા માટે ઉત્સાહિત છું. તેણે વધુમાં લખ્યું હતું કે, જૂડી હોપ્સ જેવી એનર્જેટિક, બહાદુર અને ક્યૂટ કેરેક્ટરને મારો અવાજ આપવો એ મારા માટેએક શમણાંસમાન છે. શ્રદ્ધા કપૂરે સાથેસાથે ફિલ્મની રિલીઝ ૨૮ નવેમ્બરના રોજ રિલીઝ થશે એ પણ સ્પષ્ટ કર્યુ હતું. શ્રદ્ધા ઝૂટોપિયા ટુ ઉપરાંત છોટી સ્ત્રી, સ્ત્રી ૩,ચાલબાઝ ઈન લંડન જેવી ફિલ્મોમાં જોવા મળશે.શ્રદ્ધા કપૂરને હોલીવૂડના એક મોટા પ્રોજેક્ટમાં કામ કરવાની તક મળી છે. તેણે સોશયલ મીડિયાના હેન્ડલ પર પોતાની આ ખુશી જાહેર કરી છે. શ્રદ્ધાએ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મ જૂટોપિયા ટુનુંએક પોસ્ટર શેર કર્યુ હતું. તેણે સાથે કેપ્શનમાં લખ્યું હતું કે, ઝૂટોપિયા ટુ પરિવારમાં સામેલ થવા માટે ઉત્સાહિત છું. તેણે વધુમાં લખ્યું હતું કે, જૂડી હોપ્સ જેવી એનર્જેટિક, બહાદુર અને ક્યૂટ કેરેક્ટરને મારો અવાજ આપવો એ મારા માટેએક શમણાંસમાન છે.

### યુએસ ભારત પર ટેરિફ ઘટાડશે

## ભારત સાથે વેપાર સોદો ખૂબ નજીક છે । અમેરિકા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ ઘટાડવાનો સંકેત આપ્યો

**હકીકતમાં, ટ્રમ્પને ઓવલ ઓફિસમાં પૂછવામાં આવ્યું હતું કે ભારત સાથે વેપાર સોદો કેટલો નજીક છે અને શું તેઓ નવી દિલ્હી પર ટેરિફ ઘટાડવાનું વિચારશે**

। એજન્સી, વોશિંગ્ટન, તા.૧૧ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે ભારત સાથે વેપાર સોદાનો સંકેત આપ્યો. તેમણે એમ પણ કહ્યું કે કોઈ સમયે, યુએસ ભારત પર ટેરિફ ઘટાડશે. ટ્રમ્પે ભારતમાં રાજદૂત તરીકે સર્જિયો ગોરના શપથ ગ્રહણ સમારોહ દરમિયાન આ ટિપ્પણીઓ કરી હતી. આ સમય દરમિયાન, ટ્રમ્પે વેપાર સોદા વિશે ખાસ વાત કરી. તેમણે કહ્યું, ‘‘તેઓ મને હમણાં પસંદ નથી કરતા, પરંતુ તેઓ ફરીથી આપણને પસંદ કરશે.’’



હકીકતમાં, ટ્રમ્પને ઓવલ ઓફિસમાં પૂછવામાં આવ્યું હતું કે ભારત સાથે વેપાર સોદો કેટલો નજીક છે અને શું તેઓ નવી દિલ્હી પર ટેરિફ ઘટાડવાનું વિચારશે. જવાબ આપતાં ટ્રમ્પે કહ્યું, ‘‘અમે ભારત સાથે સોદો કરી રહ્યા છીએ. આ સોદો પહેલા જે હતો તેના કરતા ઘણો અલગ છે. તેઓ મને હમણાં પસંદ નથી કરતા, પરંતુ તેઓ ફરીથી આપણને પસંદ કરશે. અમને વાજબી સોદો મળી રહ્યો છે. તેઓ ખૂબ સારા વાટાઘાટકારો છે, તેથી સર્જિયો, તમારે તેના પર ધ્યાન આપવું પડશે. મને લાગે છે કે અમે એક એવા સોદાની ખૂબ નજીક છીએ જે દરેક માટે સારું હોય.’’

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, ‘‘હાલમાં, ભારતમાં રશિયન તેલના કારણે ખૂબ ઊંચા ટેરિફ છે, અને તેમણે રશિયન તેલ સાથે વેપાર કરવાનું બંધ કરી દીધું છે. તેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. હા, અમે ટેરિફ ઘટાડવા જઈ રહ્યા છીએ. અમે કોઈ સમયે તેમાં ઘટાડો કરીશું.’’ ટ્રમ્પે કહ્યું, ‘‘મને વિશ્વાસ છે કે સેર્ગીયો આપણા દેશના સૌથી મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય સંબંધોમાંના એકને મજબૂત બનાવવામાં મદદ કરશેઃ ભારત પ્રજાસત્તાક સાથેની અમારી વ્યૂહાત્મક ભાગીદારી. આ એક મોટી વાત છે. ભારત વિશ્વની સૌથી જૂની સંસ્કૃતિઓમાંની એક, વિશ્વનો સૌથી મોટો દેશ છે, અને તેની વસ્તી ૧.૫ અબજથી વધુ છે.’’

પીએમ મોદી સાથેના તેમના સંબંધો અંગે, ટ્રમ્પે કહ્યું, ‘‘આપણા વડા પ્રધાન મોદી સાથે ઉત્તમ સંબંધ છે, અને સેર્ગીયોએ તેને વધુ મજબૂત બનાવ્યો છે કારણ કે તેઓ પહેલાથી જ વડા પ્રધાન મોદી સાથે મૈત્રીપૂર્ણ બની ગયા છે. રાજદૂત તરીકે, સેર્ગીયો આપણા દેશોના સંબંધોને મજબૂત બનાવવા, મુખ્ય અમેરિકન ઉદ્યોગો અને ટેકનોલોજીમાં રોકાણને પ્રોત્સાહન આપવા, અમેરિકન ઉર્જા નિકાસ વધારવા અને આપણા સુરક્ષા સહયોગને વિસ્તૃત કરવા માટે કામ કરશે.’’ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે ભારત સાથે વેપાર સોદાનો સંકેત આપ્યો. તેમણે એમ પણ કહ્યું કે કોઈ સમયે, યુએસ ભારત પર ટેરિફ ઘટાડશે.

### અમેરિકાના ફ્લોરિડાના કોરલ સ્પ્રિંગ્સમાં

## રાહત સામગ્રી લઈ જતું વિમાન તળાવમાં ક્રેશ થયું, બે લોકોના મોત

**બીક્રાફ્ટ કિંગ એર પ્લેન, જે ફોર્ટ લોડરડેલ એક્ઝિક્યુટિવ એરપોર્ટથી સવારે લગભગ ૧૦:૧૪ વાગ્યે ઉડાન ભરી હતી, તે માત્ર ૫ મિનિટ પછી ૧૦:૧૯ વાગ્યે ક્રેશ થયું**

। એજન્સી, ફ્લોરિડા, તા.૧૧ ।

અમેરિકાના ફ્લોરિડાના કોરલ સ્પ્રિંગ્સમાં એક નાનું ટર્બોપ્રોપ વિમાન ક્રેશ થયું. વિમાન જમૈકામાં વાવાઝોડા મેલિસાના પીડિતો માટે રાહત સામગ્રી લઈ જઈ રહ્યું હતું. આ વિમાન દુર્ઘટનામાં બે લોકોના મોત થયા. વિમાન એક બંધ કોલોનીમાં તળાવમાં પડી ગયું, અને રાહતની વાત એ છે કે બધા ઘરો બચી ગયા. કોરલ સ્પ્રિંગ્સ પોલીસે બપોરે એક નિવેદન જારી કરીને બે લોકોના મોતની પુષ્ટિ કરી છે. મૃતકોના નામ કે અન્ય માહિતી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.બીક્રાફ્ટ કિંગ એર પ્લેન, જે ફોર્ટ લોડરડેલ એક્ઝિક્યુટિવ એરપોર્ટથી સવારે લગભગ ૧૦:૧૪ વાગ્યે ઉડાન ભરી હતી, તે માત્ર ૫ મિનિટ પછી ૧૦:૧૯ વાગ્યે ક્રેશ થયું. કોરલ સ્પ્રિંગ્સ-પાર્કલેન્ડ ફાયર ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી ચીફ માઈક મોઝરે જણાવ્યું હતું કે, ‘‘અહેવાલો મળતાં જ ટીમો પહોંચી ગઈ હતી. શરૂઆતમાં, કોઈ મૃતદેહ મળ્યો ન હતો, તેથી શોધને પુનઃપ્રાપ્તિ કામગીરીમાં રૂપાંતરિત કરવામાં આવી હતી.’’ તળાવમાં વિમાનનો કોઈ ભાગ દેખાતો ન હતો, ફક્ત કાટમાળ વેરવિખેર હતો. ડાઈવર્સએ પાણીમાં શોધખોળ કરી, પરંતુ શરૂઆતમાં કંઈ મળ્યું નહીં. અકસ્માતમાં એક ઘરની પાછળની દિવાલ તૂટી ગઈ હતી અને વૃક્ષો ઉખડી ગયા હતા.સ્થાનિક રહેવાસી કેનેથ ડીટ્રોલિયો, અકસ્માતનું વર્ણન કરતા, જણાવ્યું હતું કે, ‘‘અમે ઘરમાં હતા ત્યારે અમને એક વિચિત્ર અવાજ સંભળાયો, જાણે કંઈક ખૂબ જ જોરદાર પસાર થયું હોય. વિમાન અમારા ઘર અને અમારા પાડોશીના ઘરની વચ્ચે ઉડી ગયું, પાછળના આંગણાની વાડ તોડીને તળાવમાં પડી ગયું.’’ બળતણ પૂલ અને મંડપ પર ઢોળાયું. ઘરમાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ ગઈ હતી અને તેને સામાન્ય સ્થિતિમાં આવવામાં ઘણા કલાકો લાગ્યા હતા. પોલીસે કહ્યું છે કે તેઓ સોમવાર અને મંગળવારે વિસ્તારમાં તેમની તપાસ ચાલુ રાખશે. ફેડરલ એવિએશન અધિકારીઓએ પણ અકસ્માતનું કારણ નક્કી કરવા માટે તપાસ શરૂ કરી છે.ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનના રેકોર્ડ મુજબ, વિમાન ૧૯૭૬ માં બનાવવામાં આવ્યું હતું. કિંગ એર મોડેલમાં ૭ થી ૧૨ લોકો બેસી શકે છે. વિમાનના માલિક ઈન્ટરનેશનલ એર સર્વિસીસ તરીકે સૂચિબદ્ધ છે, જે એક કંપની છે.

## સામંથા રૂથ પ્રભુએ રાજ નિદિમોરુ સાથેની રોમેન્ટિક તસવીર શેર કરી



। એજન્સી, મુંબઇ, તા.૧૧ ।

સામંથા રૂથ પ્રભુ ફિલ્મસર્જક રાજ નિદિમોરુને ડેટ કરી રહી છે. તેનો વધુ એક પુરાવો અભિનેત્રીએ પોતે આપ્યો છે. હાલમાં જ તેણે રાજ નિદિમોરુ સાથેની એક રોમેન્ટિક તસવીર શેર કરીને પોતાના સંબંધને આડકતરી રીતે સમર્થન કર્યુ છે.સામંથા રૂથ પ્રભુએ રાજને ભેટતો પોઝ આપતાં તસવીર શેર કરી છે. ઉલ્લેખનીય છે કે, બન્ને જણાના પોતા પાર્ટનર્સ સાથે છૂટાછેડા થઈ ગયા છે. સામંથા રૂથ પ્રભુ અને રાજ નિદિમોરુ સાથે અફેરમાં હોવાની ચર્ચા છે. જોકે બન્નેએ પોતાના સંબંધોની પુષ્ટિ અથવા તો ખંડન કર્યુ નથી. અભિનેત્રીની નવી પોસ્ટ પરથી અંદાજ લગી રહ્યા છે કે, બન્ને રિલેશનશિપમાં છે. એક ઈવેન્ટ દરમિયાન સામંથા રૂથ પ્રભુ રાજ પાસે ઊભેલી જોવા મળી રહેલી છે. તે તેની બાહોમાં અને રાજે તેને કમરથી પકડેલી જોવા મળે છે. સામંથા રૂથ પ્રભુએ રાજ નિદિમોરુ સાથેની રોમેન્ટિક તસવીર શેર કરી સામંથા રૂથ પ્રભુ ફિલ્મસર્જક રાજ નિદિમોરુને ડેટ કરી રહી છે. તેનો વધુ એક પુરાવો અભિનેત્રીએ પોતે આપ્યો છે. હાલમાં જ તેણે રાજ નિદિમોરુ સાથેની એક રોમેન્ટિક તસવીર શેર કરીને પોતાના સંબંધને આડકતરી રીતે સમર્થન કર્યુ છે.સામંથા રૂથ પ્રભુએ રાજને ભેટતો પોઝ આપતાં તસવીર શેર કરી છે. ઉલ્લેખનીય છે કે, બન્ને જણાના પોતા પાર્ટનર્સ સાથે છૂટાછેડા થઈ ગયા છે. સામંથા રૂથ પ્રભુ અને રાજ નિદિમોરુ સાથે અફેરમાં હોવાની ચર્ચા છે. જોકે બન્નેએ પોતાના સંબંધોની પુષ્ટિ અથવા તો ખંડન કર્યુ નથી.

## ઓસ્ટ્રેલિયાથી પરત ફર્યા બાદ અર્શદીપ સિંહે 3 કરોડ ખર્ચીને મર્સિડીઝ કાર ખરીદી

। એજન્સી, નવીદિલ્હી, તા.૧૧ ।

ભારતના શ્રેષ્ઠ બોલરોમાંના એક માનવામાં આવે છે. તાજેતરના વર્ષોમાં, તેણે વિશ્વભરમાં સારું પ્રદર્શન કર્યુ છે અને તેની શક્તિશાળી બોલિંગ કૌશલ્ય દર્શાવી છે. તે તાજેતરમાં ભારતીય ટી ૨૦ ટીમ સાથે ઓસ્ટ્રેલિયન પ્રવાસ પર હતો, જ્યાં તેણે શાનદાર બોલિંગ કરી અને ટીમની શ્રેણી જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી. હવે, ઓસ્ટ્રેલિયા પ્રવાસથી પાછા ફર્યા પછી, તેણે મર્સિડીઝ કાર ખરીદી છે.ભારતીય ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે મર્સિડીઝ-બેન્ઝ જી-ક્લાસ ખરીદી છે. તેની કિંમત આશરે ૩ કરોડ છે. આ કાર બોક્સી એસયુવી બોડી સ્ટાઈલનું એક ઉત્તમ ઉદાહરણ છે. તે ઉંચી છે અને અદભુત દેખાવ આપે છે. આ જ કારણ છે કે લોકો આ કારને પસંદ કરે છે.અર્શદીપ સિંહે ૨૦૨૨ માં ભારતીય ટીમ માટે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતુ અને ત્યારથી તે ટીમમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. તેણે ૨૦૨૨ અને ૨૦૨૪ ટી ૨૦ વર્લ્ડ કપમાં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું. તે ટી ૨૦ ક્રિકેટમાં ૧૦૦ થી વધુ વિકેટ લેનાર એકમાત્ર ભારતીય બોલર છે. તેણે ભારત માટે ૧૦૫ વિકેટ લીધી છે અને ટીમ ઈન્ડિયા માટે ૧૭ વિકેટ પણ લીધી છે.ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકાને હરાવીને ૨૦૨૪ ના ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો ત્યારે અર્શદીપ ભારતીય ટીમનો ભાગ હતો.

## મુનીરને સીડીએફ બનાવવું શાહબાઝ માટે મુશ્કેલ કાર્ય, ૨૭મા બંધારણીય સુધારા સામે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનનું એલાન

। એજન્સી, ઇસ્લામાબાદ, તા.૧૧ ।

પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ માટે, તેમના પ્રિય, અસીમ મુનીરને સંરક્ષણ દળોના વડા (સીડીએફ) તરીકે નિયુક્ત કરવા મુશ્કેલ સાબિત થવાનું છે. પાકિસ્તાનનો વિપક્ષ સંસદમાં પ્રસ્તાવિત ૨૭મા બંધારણીય સુધારા બિલ સામે વિશાળ, રાષ્ટ્રવ્યાપી વિરોધ શરૂ કરવાની તૈયારી કરી રહ્યો છે.

શહબાઝ શરીફના કાર્યસૂચિમાં માત્ર મુનીરને સીડીએફ તરીકે નિયુક્ત કરવાનો જ નહીં, પરંતુ સુપ્રીમ કોર્ટની સત્તાઓ ઘટાડવાનો પણ સમાવેશ થાય છે. વિપક્ષે આને લોકશાહી વિરુદ્ધ એક મોટું કાવતરું ગણાવ્યું છે. વિપક્ષે સરકારના આ પગલાની આકરી ટીકા કરી છે, અને કહ્યું છે કે તે ‘‘બંધારણના પાયા’’ ને હચમચાવી નાખશે. તેથી, તેમણે આજથી, રવિવારથી રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનોની જાહેરાત કરી છે.

આ સુધારામાં કલમ ૨૪૩ માં ફેરફારનો પ્રસ્તાવ છે, જેમાં ‘‘ચેરમેન જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફ કમિટી’’નું પદ નાબૂદ કરવામાં આવશે અને ‘‘ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ‘‘ નામનું નવું પદ બનાવવામાં આવશે. ડ્રાફ્ટમાં અન્ય દરખાસ્તોમાં ફેડરલ બંધારણીય અદાલતની સ્થાપના અને હાઈકોર્ટના ન્યાયાધીશોની નિમણૂક પ્રક્રિયામાં સુધારાનો સમાવેશ થાય છે. તેનો હેતુ સુપ્રીમ કોર્ટની સત્તાઓ ઘટાડવાનો પણ છે, જેમાં પ્રસ્તાવિત બંધારણીય અદાલતને કેટલીક સત્તાઓ સ્થાનાંતરિત કરવી અને રાષ્ટ્રપતિને આજીવન ફોજદારી કાર્યવાહીથી મુક્તિ આપવી શામેલ છે. કાયદા પ્રધાન આઝમ નઝીર તરારએ શનિવારે ઉપલા ગૃહ, સેનેટમાં સુધારો રજૂ કર્યો હતો અને અધ્યક્ષ યુસુફ રઝા ગિલાનીએ મતદાન પહેલાં તેને ચર્ચા માટે ગૃહ સમિતિને મોકલી આપ્યો હતો.

### નેપાળના મધેશ પ્રાંતમાં ભારે રાજકીય- વિવાદ ભડકી ઉઠયો

### સીપીએમ - યુએમએલના સંસદીય દળના નેતા સરોજકુમાર યાદવને મુખ્યમંત્રી બનાવાયા પછી તુર્ત જ તોફાનો ભડકી ઉઠયાં : તેમના કાર્યાલયમાં તોડફોડ થઈ

## નેપાળના મધેશમાં તોફાનો : જનકપુર ધામ સ્થિત સી.એમ.ની ઓફિસમાં તોડફોડ થઇ

। એજન્સી, કાઠમંડુ, તા.૧૧ ।

નેપાળના મધેશ પ્રાંતમાં સોમવારે સવારે ભારે રાજકીય- વિવાદ ભડકી ઉઠયો હતો. સીપીએમ- યુએનએલના ગઠબંધનના સંસદીય દળના નેતા સરોજકુમાર યાદવને મુખ્યમંત્રી બનાવ્યા પછી તુર્ત જ જનકપુરધામ સ્થિત મુખ્યમંત્રીના કાર્યાલયમાં ટોળાઓએ ઘૂસી જઈ તોડફોડ કરી હતી. મધેશ પ્રાંતમાં રાજકારણમાં ધરતીકંપ તેટલા માટે થયો છે કે, પ્રાંત પ્રમુખ સુમિત્રા દેવી ભંડારીએ સોમવારે બદીવાસ વિસ્તારમાં આવેલી એક હોટેલમાં સરોજકુમારને મુખ્યમંત્રીપદના શપથ લેવડાવ્યા.આ ટીમમાં પૂર્વ મુખ્યમંત્રી કે. પી. શર્મા ઓલીના શાસનકાળમાં ભંડારીએ પ્રાંત- પ્રમુખ (ગવર્નર) પદે નિયુક્ત કરાયા હતા. તેઓએ નેપાળી કોંગ્રેસના નેતૃત્વ નીચેના ગઠબંધનની ઉપેક્ષા કરી આ પગલું ભરતા તોફાનો ફાટી નીકળ્યાં હતા. યાદવની મુખ્યમંત્રી પદની નિયુક્તિ સામે ડાબેરીઓ સિવાયના તમામ રાજકીય પક્ષોએ વિરોધ ઉઠાવ્યો હતો તેઓએ ભારતની સરહદને સ્પર્શીને રહેલા આ સંવેદનશીલ ક્ષેત્રમાં મધેશી સમુદાયની માંગણીઓ વર્ષો વીત્યા છતાં સંતોષાઈ નથી તેથી ત્યાં તંગદિલી પ્રવર્તે છે.પ્રાપ્ય માહિતી મુજબ પ્રાંતીય વિધાનસભાના



કેટલાક સદસ્યોએ અન્ય લોકોની સાથે મળી મુખ્યમંત્રીની ઓફિસમાં ઘૂસપેઠ કરી ફર્નિચર તથા સંપત્તિને નુકસાન પહોંચાડયું તેમના કાર્યાલયમાં રહેલો રાષ્ટ્રધ્વજ પણ તોફાનોમાં ફેંકાઈ ગયો.નિરીક્ષકો માને છે કે, દેશમાંથી રાજાશાહી દૂર કરી ડાબેરીઓના નેતૃત્વ નીચેની સરકાર રચાઈ ત્યારથી જ લોકોમાં અફસોસ વ્યાપેલો છે તેમાં ય ઓલીના સમયથી ચીનની કરાતી કદમબોસી અને ભારત પ્રત્યેની ઉદાસીનતા પછીથી ભારતનો ડાબેરી જૂથો દ્વારા ચઢામણીથી થતો વિરોધ અને તેમાં દેશના અર્થતંત્રની થયેલી બેહાલી, બેકારી અને મોંઘવારીએ જનાક્રોશ વધારી દીધો છે. ઓલીને તો દેશ છોડી નાસી જવું પડયું હતું તે યાદ રહે. ઓલી ચીન તરફી છે તે જાણીતું છે ચીને નેપાળનો કેટલોક પ્રદેશ દબાવ્યો છે તે જનતા જાણે છે તેથી જ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ (સીપીએમ) માટે કટ્ટર વિરોધ કરે છે તેના ટેકાથી સરોજ મુખ્યમંત્રી બન્યા છે.નેપાળના મધેશ પ્રાંતમાં સોમવારે સવારે ભારે રાજકીય- વિવાદ ભડકી ઉઠયો હતો. સીપીએમ- યુએનએલના ગઠબંધનના સંસદીય દળના નેતા સરોજકુમાર યાદવને મુખ્યમંત્રી બનાવ્યા પછી તુર્ત જ જનકપુરધામ સ્થિત મુખ્યમંત્રીના કાર્યાલયમાં ટોળાઓએ ઘૂસી જઈ તોડફોડ કરી હતી. મધેશ પ્રાંતમાં રાજકારણમાં ધરતીકંપ તેટલા માટે થયો છે કે, પ્રાંત પ્રમુખ સુમિત્રા દેવી ભંડારીએ સોમવારે બદીવાસ વિસ્તારમાં આવેલી એક હોટેલમાં સરોજકુમારને મુખ્યમંત્રીપદના શપથ લેવડાવ્યા.

### સરકારને ફંડ આપવાનો પ્રસ્તાવ સેનેટમાં ૬૦-૪૦થી પસાર | શટડાઉનમાં કાઢી મૂકાયેલા કર્મચારીઓને પાછા લઈ બાકીનો પગાર અપાશે : ટ્રમ્પ સરકારને ૩૦ જાન્યુ. સુધીનું ફન્ડિંગ મળશે

## અમેરિકામાં ઐતિહાસિક ૪૦ દિવસનું શટડાઉન હવે ખતમ થવાના સંકેત

। એજન્સી, વોશિંગ્ટન, તા.૧૧ ।

અમેરિકાના ઈતિહાસના સૌથી મોટા ૪૦ દિવસના શટડાઉનનો અંત નજીક આવી રહ્યો હોય તેવું લાગે છે. અમેરિકન મીડિયા મુજબ કમસેકમ આઠ સેનેટરોનું એક ગ્રુપ અને સેનેટના જીઓપી નેતાઓ તથા વ્હાઉટ હાઉસની વચ્ચે શટડાઉન ખોલવા એક ડીલ થઈ ગઈ છે. તેના બદલામાં ભવિષ્યમાં એન્હાન્સ્ડ એફોર્ડેબલ કેર સબસિડી વધારવા પર વોટિંગ થશે. અમેરિકન સંસદ અને ટ્રમ્પ સરકાર વચ્ચે ગજગ્રાહના પગલે લાગુ થયેલું શટડાઉન હવે ખતમ થવાની શક્યતા છે. રિપબ્લિકન અને ડેમોક્રેટ્સ વચ્ચે સમાધાન થયું છે. આ સમાધાન ગત સપ્તાહના અંતમાં ડેમોક્રેટિક સેનેટર જીન




ચાટીન અને મૈંગી હસને (ન્યુ હેમ્પશાયર) રીપબ્લિકન નેતા જહોન ટયુન અને વ્હાઈટ-હાઉસના પ્રતિનિધિઓએ સાથે મળીને તૈયાર કર્યું છે. ઓછામાં ઓછા ૮ ડેમોક્રેટ સેનેટર્સે પોતાની પાર્ટી-લાઈનથી હઠીને તે બિલને સમર્થન આપ્યું છે. તેમની મદદથી તે બિલ સેનેટમાં ૬૦ મતથી પસાર થયું છે. જોકે ડેમોક્રેટ નેતા ચક શુમરે આ પ્રસ્તાવનો વિરોધ કર્યો છે. તેઓએ કહ્યું છે કે, આ વિધેયક, સ્વાસ્થ્ય સેવાઓ, (હેલ્થ કેર) અંગેની કેટલીક મુશ્કેલીઓ ખાસ કરીને ‘એફોર્ડેબલ કેર એક્ટ’ની સબસીડી જેવા મુદ્દાઓ નજર અંદાજ કરે છે.આ બિલમાં મહત્વની કલમ તે છે કે, તેમાં ‘શટ-ડાઉન’ દરમિયાન ‘ઘરે બેસાડી દીધેલા’ કર્મચારીઓને પાછા સેવામાં લેવા પડશે તે સાથે ફૂડ-સ્ટેમ્પ-પ્રોગ્રામને વિત્ત વર્ષ ૨૦૨૬ સુધી ફંડ આપવાનું વચન અપાયું છે. તેથી ઓછી આવકવાળા લાખ્ખો કુટુમ્બોને રાહત મળશે.

રીપબ્લિકન નેતાઓએ આશ્વાસન આપ્યું છે કે ડીસેમ્બરનાં બીજા સપ્તાહ સુધી તો આરોગ્ય સેવાઓ સાથે સંલગ્ન સબસીડી અંગે એક અલગ વિધેયક તૈયાર કરાવી તેની ઉપર મતદાન કરશે. આ વિધેયક વિષે ડેમોક્રેટ્સ અને રીપબ્લિકન નેતાઓ વચ્ચે સંસદ ફરી શરૂ થશે ત્યારે વાતચીત થશે.સેનેટે સરકારના ફંડ કરવા માટે સમાધાનના પ્રસ્તાવની તરફેણમાં ૬૦-૪૦થી મતદાન કર્યુ છે. તેના પછી હવે પછીનું મતદાન એફોર્ડેબલ કેર એક્ટ ટેક્સ ક્રેડિટ માટે થવાનું છે, જે પહેલી જાન્યુઆરીના રોજ એક્સ્પાયર થઈ રહી છે. હવે જો ડેમોક્રેટ્સ તેમા વાંધો ઉઠાવે તો શટડાઉન ખૂલવામાં વાર લાગી શકે છે.

ડેમોક્રેટ્સ અને રિપબ્લિકનોના એક ગ્રુપે સરકારને ૩૦ જાન્યુઆરી સુધી ફંડિંગ ચાલુ રાખવા પર સંમતિ સાધી છે. ડીલ હેઠળ કેટલાક મહત્ત્વના વિભાગોને આખા વર્ષ માટે ફંડિંગ મળી જશે. તેમા કૃષિ વિભાગ, અમેરિકન ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન, વેટરન્સ અફેર્સ વિભાગ અને લશ્કર માટે ચાલતા પ્રોજેક્ટ્સ સામેલ છે.




































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya